dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue-170 | AD - 2026, Chaitra Sud - 10 | Saturday, Dt. 28-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ઇઝરાયલે ઇરાનની રાજધાની તેહરાન પર ભીષણ હુમલા કર્યા

## ૧૦ દિવસ સુધી ઈરાનના ઉર્જા પ્લાન્ટ્સ પર અમેરિકા હુમલો નહી કરે

દુબઈ,તા.૨૭

ઈઝરાયલે શુક્રવારે ઈરાન પર હુમલાઓનો નવો અને ભીષણ દોર શરૂ કર્યો છે. ઈરાનના નાગરિક માળખા પર થયેલા આ હુમલાઓ એવા સમયે થયા છે જ્યારે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં આ બાબતે બેઠક યોજાવાની તૈયારીમાં છે. ઈઝરાયલે સ્પષ્ટ કર્યું છે કે તે ઈરાની શસ્ત્ર ઉત્પાદન સુવિધાઓ પરના હુમલાઓને વધુ તીવ્ર બનાવશે. ઈરાનની રાજધાની તેહરાન પર થયેલા બોમ્બમારાના ધુમાડા લેબનોનના બૈરુત સુધી જોવા મળ્યા હતા, જેનાથી સમગ્ર મધ્ય પૂર્વમાં યુદ્ધની આશંકાઓ વધુ ઘેરી બની છે.

બીજી તરફ, ઈરાને પણ પડોશી આરબ દેશો પર હુમલા ચાલુ રાખ્યા છે. કુવૈત અને સંયુક્ત આરબ અમીરાત (UAE)માં ઈરાનથી આવેલા ડ્રોન અને મિસાઈલોની પુષ્ટિ કરવામાં આવી છે. આ ગંભીર સ્થિતિને જોતા અમેરિકાએ આ પ્રદેશમાં ૨,૫૦૦ મરીન જવાનો અને ૧,૦૦૦ પેરાટ્રૂપર્સ રવાના કર્યા છે, જે પ્રદેશના હવાઈ મથકો અને વ્યૂહાત્મક વિસ્તારોને સુરક્ષિત રાખવાનું કામ કરશે. ઈરાનમાં ૧,૯૦૦ થી વધુ લોકોના મોત, લેબનોનમાં ૧,૧૦૦ થી વધુ લોકોના મોત અને ૩ ઈઝરાયલી સૈનિકો શહીદ, ઈઝરાયલમાં૧૮ લોકોના મોત, અમેરિકામાં સંઘર્ષમાં ૧૩ અમેરિકન સૈનિકોના મોત, અન્ય પશ્ચિમ કાંઠે ૪ અને ગલ્ફ આરબ દેશોમાં ૨૦ લોકોના મોત થયા છે.

ઈઝરાયલ ડિફેન્સ ફોર્સના ચીફ ઓફ સ્ટાફ લેફ્ટનન્ટ જનરલ ઈયાલ




ઝમીરે સરકારને ગંભીર ચેતવણી આપી છે. તેમણે સુરક્ષા કેબિનેટમાં જણાવ્યું કે, લાંબા સમયથી ચાલી રહેલા યુધ્ધ અને સૈનિકોની તીવ્ર અછતને કારણે ઈઝરાયલી સૈન્ય અંદરથી તૂટી શકે છે. જનરલ ઝમીરે 'ટાઈમ્સ ઓફ ઈઝરાયલ' ના અહેવાલ મુજબ ૧૦ મોટા જોખમો ગણાવ્યા હતા. તેમણે તાકીદે ભરતી કાયદો, અનામત ફરજ કાયદો અને ફરજિયાત લશ્કરી સેવા વિસ્તરણ કાયદો પસાર કરવા વિનંતી કરી છે. ગાઝા યુદ્ધ બાદ સેનામાં લગભગ ૧૨,૦૦૦ સૈનિકોની અછત વર્તાઈ રહી છે. સૌથી મોટો વિવાદ અતિ-રૂઢિચુસ્ત (હરેદી) સમુદાયના ૮૦,૦૦૦ યુવાનોનો છે, જેઓ લશ્કરી સેવામાં જોડાતા નથી. હાઈકોર્ટે તેમની મુક્તિ ગેરબંધારણીય ઠેરવી હોવા છતાં રાજકીય કારણોસર તેમને સેનામાં લાવવા મુશ્કેલ બની રહ્યા છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ યુધ્ધમાં એક નવો વળાંક આપ્યો છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' પર જાહેરાત કરી કે ઈરાન સરકારની વિનંતીને ધ્યાનમાં રાખીને, અમેરિકી દળો આગામી ૧૦ દિવસ સુધી ઈરાનના ઉર્જા પ્લાન્ટ્સ પર હુમલો નહીં કરે. હુમલા પરનો વિરામ ૬ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ રાત્રે ૮ વાગ્યા સુધી રહેશે. ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન સાથેની વાટાઘાટો હકારાત્મક દિશામાં આગળ વધી રહી છે. ટ્રમ્પે ખુલાસો કર્યો કે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી ૧૦ તેલ ટેન્કરો પસાર કરવાની મંજૂરી આપી છે, જે પાકિસ્તાની ધ્વજ સાથે અમેરિકા પહોંચશે. અત્યારે આ યુધ્ધના ૨૮મા દિવસે ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ભીષણ હુમલા ચાલુ છે, પરંતુ ટ્રમ્પની મધ્યસ્થી અને ૧૦ દિવસનો વિરામ કદાચ શાંતિ માટેની નવી આશા જગાવી શકે છે. જોકે, ઈઝરાયલી સૈન્યની આંતરિક નબળાઈ અને પ્રાદેશિક અસ્થિરતા હજુ પણ ચિંતાનો વિષય છે.

## અયોધ્યામાં રામલલ્લાની પ્રતિમા પર 'સુર્યતિલક' કરાયુ, ભાવિકો મંત્રમુગ્ધ

**પૂજન બાદ ભગવાનને ૫૬ ભોગ ધરાવવામાં આવ્યો**

અયોધ્યા,તા.૨૭

અયોધ્યામાં રામનવમીના પવિત્ર અવસરે શુક્રવારે બપોરે બરાબર ૧૨ વાગ્યે અભિજિત મુહૂર્તમાં રામલલ્લાનું સૂર્ય તિલક કરવામાં આવ્યું હતું. પ્રાણ-પ્રતિષ્ઠા બાદ આ બીજું સૂર્ય તિલક હતું, જેણે લાખો ભક્તોને મંત્રમુગ્ધ કર્યા હતા. ભગવાનના લલાટ પર સૂર્યના કિરણો સતત નવ મિનિટ સુધી ઝળહળ્યા



હતા, જે રામજન્મોત્સવ ક્ષણનું પ્રતીક બન્યું હતું.


આ અદભૂત ઘટના પાછળ એક અત્યાધુનિક વૈજ્ઞાનિક સિસ્ટમ કાર્યરત હતી, જેમાં ૨૦ અષ્ટધાતુની પાઈપો અને ૬૫ ફૂટ લાંબી વ્યવસ્થાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ચાર લેન્સ અને ચાર મિરરની મદદથી સૂર્યકિરણોને ચોકસાઈપૂર્વક ગર્ભગૃહમાં બિરાજમાન ભગવાન સુધી પહોંચાડવામાં આવ્યા હતા. આ મંગલમય સમયે ગર્ભગૃહમાં ૧૪ પૂજારીઓ દ્વારા વિશેષ પૂજા અને આરતી કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ટીવીના માધ્યમથી હાથ જોડીને આ દિવ્ય દ્રશ્યના દર્શન કર્યા હતા. પૂજન બાદ ભગવાનને ૫૬ ભોગ ધરાવવામાં આવ્યો હતો. આ પહેલા ભગવાનનો પંચામૃતથી અભિષેક કરી તેમને પીતાંબર વસ્ત્રો અને ફૂલોના શણગારથી સુશોભિત કરવામાં આવ્યા હતા. આ મનોહર દ્રશ્યે આધ્યાત્મિકતા અને આધુનિક ટેકનોલોજીનો શ્રેષ્ઠ સમન્વય રજૂ કર્યો હતો.

## કેન્દ્ર સરકારે એલપીજીનો ક્વોટા વધારી ૭૦% કરતા ઉદ્યોગકારોને રાહત

**તંગી નિવારવા માટે ઉદ્યોગોએ પીએનજી કનેક્શન મેળવવા પર ભાર મૂકવો પડશે**

નવી દિલ્હી,તા.૨૭

નવી દિલ્હીથી પ્રાપ્ત વિગતો અનુસાર, ઈરાન યુધ્ધના કારણે સર્જાયેલી એલપીજી કટોકટીમાં સરકારે વ્યાપારી એકમો માટે રાહતના સમાચાર આપ્યા છે. શરૂઆતમાં સરકારે ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરના ભાવ વધારવાની સાથે તેનો ક્વોટા ઘટાડીને માત્ર ૨૦ ટકા કરી દીધો હતો, જેના કારણે હોટલ અને



રેસ્ટોરાં ઉદ્યોગને આર્થિક ફટકો પડ્યો હતો. જોકે, અન્ય દેશોમાંથી એલપીજીની આયાત માટે કરાયેલા યુદ્ધના ધોરણે પ્રયત્નોને સફળતા મળી છે. અગાઉ આ ક્વોટા વધારીને ૫૦ ટકા કરાયા બાદ, આજે તેમાં વધુ ૨૦ ટકાનો વધારો કરીને કુલ સપ્લાય ૭૦ ટકા સુધી પહોંચાડવામાં આવી છે. આ વધારાનો મુખ્ય લાભ સ્ટીલ, ઓટોમોબાઈલ અને ટેક્સટાઈલ જેવા રોજગારી આપતા ઉદ્યોગોને મળશે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે ભવિષ્યમાં આવી તંગી નિવારવા માટે ઉદ્યોગોએ પીએનજી કનેક્શન મેળવવા પર ભાર મૂકવો પડશે. હાલમાં એલપીજી સિલિન્ડરનો વેટિંગ પિરિયડ પણ ઘટીને ૮ થી ૧૦ દિવસ થતા બજારમાં સ્થિરતા જોવા મળી રહી છે.






### નેશનલ કોન્ફરન્સના નેતાઓએ ખામેનીના પોસ્ટર પણ લહેરાવ્યા

## જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે મારામારી

શ્રીનગર,તા.૨૭

જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં શુક્રવારે ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનીના મૃત્યુને લઈને વિરોધ પ્રદર્શન થયું. નેશનલ કોન્ફરન્સના નેતાઓ ખામેનીની તસવીર લઈને ગૃહમાં પહોંચ્યા અને સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા. નેશનલ કોન્ફરન્સના નેતાઓએ ખામેનીના પોસ્ટર પણ લહેરાવ્યા હતા. આ દરમિયાન, ગૃહમાં કોંગ્રેસ અને ભાજપના નેતાઓ વચ્ચે ધક્કામુક્કીનો વીડિયો પણ સામે આવ્યો. જોકે, આ વિવાદ ભાજપના



નેતાઓની રાહુલ પરની ટિપ્પણીને લઈને હતો. વાસ્તવમાં કોંગ્રેસના ધારાસભ્ય ઈરફાન હાફિઝ પીએમ નરેન્દ્ર મોદી વિરુધ્ધ નારા લગાવી રહ્યા હતા. જવાબમાં ભાજપના ધારાસભ્ય યુદ્ધવીર સેઠીએ કહ્યું, 'રાહુલ ગાંધી પપ્પુ છે.' આ પછી બંને નેતાઓ વચ્ચે મારામારી થવા લાગી. અમેરિકા-ઈઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર હુમલો કર્યો હતો. આ હુમલાઓમાં જ અયાતુલ્લા અલી ખામેનીનું મૃત્યુ થયું હતું.નેશનલ કોન્ફરન્સના ધારાસભ્ય તનવીર સાદિકે કહ્યું કે, અમે ઈરાન સાથે ઊભા છીએ. અમારી પાર્ટી અને જમ્મુ-કાશ્મીરની સરકાર તેમની સાથે ઊભી છે. જેમ CM ઉમર અબ્દુલ્લાએ છેલ્લી વાર સિવિલ સોસાયટીમાં અયાતુલ્લા અલી ખામેનીની હત્યાની નિંદા કરી હતી. તેવી જ રીતે, આજે આપણે બધા અહીં ઊભા છીએ. અમે સમજીએ છીએ કે જે રીતે ખામેનીને મારવામાં આવ્યા, કોઈ પણ દેશને બીજા દેશ પર હુમલો કરવાનો કોઈ હક નથી. મને લાગે છે કે દેશના ટોચના નેતૃત્વએ તેની નિંદા કરવી જોઈએ. અમે ઈરાનના લોકોનું સમર્થન કરી રહ્યા છીએ.કાશ્મીર ખીણમાં ઈરાનના સમર્થનમાં કરોડો રૂપિયાનું ભંડોળ એકત્ર કરવામાં આવ્યું છે. આનાથી દેશની સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે. આશંકા છે કે આ પૈસાનો ઉપયોગ આતંકી ફંડિંગમાં થઈ શકે છે. સૂત્રો અનુસાર, અત્યાર સુધીમાં લગભગ રૂ.૧૮ કરોડનું ભંડોળ એકત્ર કરવામાં આવ્યું છે. તેમાંથી ૮૫% રકમ શિયા સમુદાયે દાન કરી છે.







## રૂપિયો ઓલટાઈમ લો : સેન્સેક્સમાં ૧૬૯૦ પોઈન્ટનું ગાબડુ



મુંબઈ,તા.૨૭

મધ્યપૂર્વમાં વકરતા જતા યુધ્ધની ગંભીર અસરો ભારતીય બજાર પર સ્પષ્ટપણે દેખાઈ રહી છે. આંતરરાષ્ટ્રીય અસ્થિરતાને કારણે સેન્સેક્સમાં ૧૬૯૦ પોઈન્ટથી વધુનું ગાબડું પડ્યું છે જ્યારે નિફ્ટી પણ મોટા ઘટાડા સાથે બંધ રહ્યો છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે ભારતીય રૂપિયો ઈતિહાસમાં પ્રથમવાર ડોલર સામે ૯૪ ની સપાટી તોડીને ૯૪.૨૬ ના ઓલટાઈમ લો સ્તરે પહોંચી ગયો છે.

આ ડબલ મારને લીધે ક્રૂડ ઓઈલ અને ખાતર જેવી આયાતી ચીજો મોંઘી થશે જે સીધી રીતે મોંઘવારીમાં વધારો કરશે. રોકાણકારોમાં ફેલાયેલા ગભરાટને કારણે બજારમાં ભારે વેચવાલી જોવા મળી રહી છે.





**શોભાયાત્રામાં આવેલા ભાવિકો ગટરના પાણીમાં ચાલવા માટે મજબૂર**

# બગસરામાં રામનવમીની શોભાયાત્રામાં જ ગટરના ગંધાતા પાણી રોડ પર ફરી વળ્યા

બગસરા,તા.૨૭

બગસરા નગરપાલિકામાં છેલ્લાં ૧૫ દિવસથી હવે વહીવટદારનું શાસન આવ્યુ છે ત્યારે રામનવમીના પાવન પર્વ નિમિત્તે જ ગટર ઉભરાતા ગટરના ગંધાતા પાણી રસ્તા પર ફરી વળતા ભાવિકોમાં પાલિકાની કાર્યશૈલી સામે રોષ ફેલાયો છે. બગસરામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ હિન્દુ સંગઠનો દ્વારા રામનવમી પર્વનું આયોજન કરવામાં આવ્યું હતુ. રામનવમીના દિવસે શહેરમાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી પરંતુ જયારે શોભાયાત્રા ગોંડલીયા ચોકમાં પહોંચી ત્યારે નગરપાલિકાની બેદરકારીને કારણે ગટરના પાણી ઉભરાઈને રસ્તા પર ફરી વળતા ભાવિકો ગટરના ગંધાતા પાણીમાં ચાલવા મજબુર બન્યા હતા. આ બાબતે સામાજિક સંસ્થાઓના આગેવાનો દ્વારા તાત્કાલિક ચીફ ઓફિસરને ફોન કરવામાં આવ્યો હતો જો કે ચીફ ઓફિસરે ફોન ઉપાડવાની તસ્દી લીધી નહોતી. જેથી વહીવટદારને પણ આ બાબતે જાણ કરવામાં આવી હતી. સવારથી ગટરના ગંધાતા પાણી રસ્તા પર ફરી વળતા હોવા છતાં પાલિકા દ્વારા ગટર સાફ કરવા માટે કોઈ કામગીરી કરવામાં આવી નહોતી. સનાતનીઓના મતને કારણે ચૂંટણી જીતતા આગેવાનો પણ આ બાબતે વામળા પુરવાર થયા હતા. આમ, શોભાયાત્રા દરમિયાન જ ગટરના પાણી રસ્તા પર ફરી વળતા પાલિકાની કામગીરી સામે હિન્દુ સંગઠનોમાં ભારે આક્રોશ ફેલાયો છે.



# હિન્દુ સંગઠનો દ્વારા બાબરામાં રામનવમીની ઉજવણી કરાઈ

બાબરા,તા.૨૭

બાબરા શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના સંયુક્ત ઉપક્રમે રામનવમીના પવિત્ર અવસરે એક અત્યંત ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રાનો પ્રારંભ મોટા રામજી મંદિરથી થયો હતો, જ્યાં સનાતનીઓની વિશાળ જનમેદનીએ ઉમટી પડી હિન્દુ સમાજની સંગઠન શક્તિનું પ્રદર્શન કર્યું હતું. 'જય શ્રી રામ'ના ગગનભેદી નારાઓ સાથે શોભાયાત્રા શહેરના મુખ્ય રાજમાર્ગો પર ફરી હતી, જેમાં શહિદ ચોક, મોટું બસ સ્ટેશન અને જમાડીના ઝાપા જેવા વિસ્તારોમાં ભક્તોનું મહેરામણ ઉમટ્યું હતું. શોભાયાત્રામાં બજરંગ દળ, વિશ્વ હિન્દુ પરિષદ સહિત રાજકિય આગેવાનો જોડાયા હતા.


તસવીર : દિપક કનૈયા

# ધારીના શેમરડી ગામ પાસે નવા બનતા બ્રીજ નીચે બાઈક ખાબકતા યુવકનું મોત

ધારી,તા.૨૭

ધારી તાલુકાના શેમરડી ગામ પાસે નિર્માણ પામી રહેલા નવા બ્રિજ પર ગત રાત્રિએ એક અત્યંત હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. દલખાણીયા ગામનો રહેવાસી જાનમહંમદ દાદમહંમદ બ્લોચ નામનો યુવાન પોતાની બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો ત્યારે અંધારામાં નિર્માણાધીન બ્રિજ ન દેખાતા તે સીધો ખાડામાં ખાબક્યો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે યુવાનને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ધારી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો પરંતુ કમનસીબે સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આ ઘટના પાછળ કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારી સામે આવી રહી છે કારણ કે નિર્માણ કાર્ય ચાલતું હોવા છતાં ત્યાં કોઈ પણ પ્રકારના સાઈનબોર્ડ, સ્પીડ બ્રેકર કે આડશ મૂકવામાં આવી ન હતી. પરિવારજનોનો આક્ષેપ છે કે કોન્ટ્રાક્ટરની આ ક્ષતિને કારણે જ જાનમહંમદનો ભોગ લેવાયો છે.


તસવીર : સંજય વાળા

# અમરેલીની મોંઘીબા મહિલા કોલેજમાં "વંદે માતરમ્-૧૫૦ વર્ષ"ની ભવ્ય ઉજવણી

અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજમાં ૨૭/૦૩/૨૦૨૬ના રોજ વંદે માતરમ્ ગીતના ૧૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત વકતૃત્વ સ્પર્ધા અને વદે માતરમ્ ગીતનું સમૂહ ગાન યોજાયું હતું. ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ. વિલારાબેન સોરઠિયા દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું. તેમણે વંદે માતરમ્ ગીતનું ઐતિહાસિક મહત્ત્વ અને રાષ્ટ્રજીવનમાં તેના સ્થાન વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. નિષ્ણાત મંડળ દ્વારા શ્રેષ્ઠ વક્તાઓને ઈનામો આપવામાં આવ્યા હતા. ત્યારબાદ તમામ વિદ્યાર્થિનીઓ અને સ્ટાફ દ્વારા વંદે માતરમ્ ગીતનું સમૂહ ગાન કરવામાં આવ્યું હતું.



# સાવરકુંડલામાં કુળદેવીના હવન પ્રસંગે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૨૭

સાવરકુંડલામાં કાબરીયા પરિવારના કુળદેવીના હવન પ્રસંગે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સાવરકુંડલા તાલુકા શાખાના મેહુલભાઈ વ્યાસના માર્ગદર્શન હેઠળ આ અવસરે એક વિશાળ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સામાજિક જવાબદારીના ભાગરૂપે યોજાયેલા આ કેમ્પમાં ભક્તો અને ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. માતાજીના હવનની સાથે લોકસમુદાયે રક્તદાનરૂપી આહુતિ આપીને અનેક જરૂરિયાતમંદ દર્દીઓના જીવન બચાવવાનો સંકલ્પ કર્યો હતો.



# સા.કુંડલાની વી.ડી.ઘેલાણી આર્ટસ કોલેજમાં વાર્ષિકોત્સવ યોજાયો

સાવરકુંડલા,તા.૨૭

સા.કુંડલાની વી.ડી.ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં ૩૯મો વાર્ષિકોત્સવ અને વિદાય સમારંભ ખૂબ જ ઉત્સાહપૂર્વક યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ભૂતપૂર્વ પ્રાધ્યાપિકા શ્રીમતી છાયાબેન શાહે વિદ્યાર્થીનીઓને જીવનમાં પ્રગતિ કરી સફળતાના શિખરો સર કરવા પ્રેરણાદાયી ઉદબોધન આપ્યું હતું. સાથે જ પ્રિન્સિપાલશ્રીએ પણ તમામ વિદ્યાર્થીનીઓ ઉજ્જવળ કારકિર્દી બનાવી દેશના જવાબદાર નાગરિક બને તેવી હાર્દિક અપેક્ષા અને શુભેચ્છાઓ વ્યક્ત કરી કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો.


તસવીર : સૌરભ દોશી

# એચ.બી. સંઘવી મહિલા કોલેજમાં વિદ્યાર્થિનીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો

અમરેલી,તા.૨૭

એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ ખાતે ત્રીજા વર્ષના વિદ્યાર્થિનીઓને શુભેચ્છા પાઠવવા એક સમારંભનું આયોજન કરવામાં આવેલ. આ તમામ બહેનોને કોલેજના સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ અને કેમ્પસ ડાયરેક્ટર ડો. જીગ્નેશભાઈ વાજાની ઉપસ્થિતિમાં શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ તકે અતિથિ વિશેષ પ્રજાપિતા બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય, રાજુલાના સંચાલિકા અનુદીદી, સરોજદીદી, રાજુલા એસટી ડેપો મેનેજર મમતાબેન જોશી, નિવૃત્ત આચાર્ય દિનાબેન જાદવ, સમાજ સેવક વિધિબેન મહેતા, વિજયાબેન બારૈયાની ઉપસ્થિતિ રહેલ. કોલેજના પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવળે મહેમાનોનું સ્વાગત સાથે પ્રાસંગિક ઉદબોધન કરેલ.



# લાઠીમાં રામનવમીની ભવ્ય ઉજવણી કરાઈ

**હિન્દુ-મુસ્લિમ એકતાના જીવંત દર્શન જોવા મળ્યા હતા**

લાઠી, તા.૨૮

અમરેલી જિલ્લાના લાઠી શહેરમાં રામનવમીના પવિત્ર પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. રાજાશાહી સમયના પૌરાણિક રામજી મંદિરથી નીકળેલી ભવ્ય રથયાત્રામાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સહિત મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ જોડાયા હતા. રથયાત્રા પૂર્વે સવારે બાઈક રેલી દ્વારા લોકજાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ અવસરે શહેરના તમામ વેપારીઓએ સ્વયંભૂ બંધ પાળીને પ્રભુ રામની ભક્તિમાં સહભાગી થયા હતા. ઉજવણીની ખાસ વિશેષતા એ રહી કે લાઠીમાં હિન્દુ-મુસ્લિમ એકતાના જીવંત દર્શન જોવા મળ્યા હતા. મેઈન બજારના મુસ્લિમ બિરાદરોએ પોતાના ધંધા-રોજગાર બંધ રાખી, રથયાત્રાના માર્ગ પર ઠંડા પીણા, શરબત અને ચાની વ્યવસ્થા કરી શ્રધ્ધાળુઓનું સ્વાગત કર્યું હતું. સુન્ની મુસ્લિમ સમાજ દ્વારા ઠેર-ઠેર સ્ટોલ ઊભા કરી કોમી એકતાનું ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. સમગ્ર શહેરમાં ભક્તિમય માહોલ વચ્ચે રથયાત્રા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી.




# બગસરામાં જય શ્રી રામના નાદ સાથે રામનવમીની ઉજવણી

બગસરા, તા. ૨૭

બગસરા શહેરમાં શ્રી રામ જન્મોત્સવ નિમિતે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં ૧૦૦ જેટલી પોલીસની ટીમ ખડે પગે રહી હતી.આ શોભાયાત્રા બાદ ભવ્ય ધર્મ સભા યોજાઈ હતી. જેમાં નાના એવા બાળ શ્રી હમનુમાનજીના ઉપાસક એવા આર્યન ભગત તેમજ સ્થાનિક મંદિરોના સંતો મહંતો પોતાના આશિવચન આપી શહેરની ધર્મ પેમી જનતાને શ્રી રામના મહિમા સાંભળાવી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જન મેદની ઉમટી પડી હતી.



**CHANGE OF NAME**

I Undersign DHABID ILYASHBHAI KURBANHUSEN have changed my name from DHABID ILIYAS KURBANBHAI To DHABID ILYASHBHAI KURBANHUSEN (New) Now i will be known as DHABID ILYASHBHAI KURBANHUSEN (new)
Sign : DHABID ILYASHBHAI KURBANHUSEN
Address: 272, VAHORAVAD, AT-CHITAL, DIST-AMRELI-365620 GUJARAT INDIA


Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)






વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com








|| શ્રી ગણેશાય નમઃ ||    || શ્રી ૧૧ ||    || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



YJ
યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે, આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.

શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

**પોલીસે નાસી છુટેલા વાહનચાલકની સીસીટીવીના આધારે શોધખોળ શરૂ કરી**

# કુંકાવાવ રેલ્વે ફાટક પાસે અજાણ્યા વાહનચાલકે બેને કચડ્યા, એકનું મોત

કુંકાવાવ ,તા.૨૭

અમરેલી જિલ્લાના કુંકાવાવ ચોકી રોડ પર રેલવે ફાટક પાસે મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવી રહેલા એક અજાણ્યા વાહનચાલકે રસ્તા પરથી પસાર થઈ રહેલા બે રાહદારીઓને જોરદાર ટક્કર મારી હતી અને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે તેમાં એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી હતી જ્યારે અન્ય એક યુવાનને સામાન્ય ઈજાઓ થઈ હતી. અકસ્માતનો અવાજ સાંભળતા જ આસપાસના લોકો અને અન્ય



વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને માનવતાના ધોરણે બચાવ કામગીરી શરૂ કરી હતી. સ્થાનિકો દ્વારા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતા બંને ઈજાગ્રસ્તોને સારવાર માટે કુંકાવાવ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોની ઓળખ આણંદભાઈ ભાલીયા અને પરેશભાઈ તરીકે થઈ છે. કમનસીબે, ગંભીર રીતે ઘાયલ થયેલા આણંદભાઈ ભાલીયાનું ટૂંકી સારવાર દરમિયાન હોસ્પિટલમાં જ મોત નીપજ્યું હતું, જેને પગલે પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. બીજી તરફ પરેશભાઈ હાલ ભયમુક્ત હોવાનું જાણવા મળ્યું છે.

આ બનાવ અંગે સ્થાનિક પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુધ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવા માટે સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# લાઠીના શાખપુર ગામે કુમાર શાળાના નવા ભવનનું ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત

લાઠી,તા.૨૭



લાઠી તાલુકાના શાખપુર ગામે કુમાર શાળાના આધુનિક અને સુવિધાસભર નવા ભવનના નિર્માણ માટે આજે ખાતમુહૂર્ત વિધિ ભવ્ય રીતે યોજાઈ હતી. આ પ્રસંગે વિસ્તારના ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે અંદાજિત રૂ. એક કરોડના ખર્ચે બનનાર આ શાળાના ભવનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો, તાલુકા પંચાયતના સભ્યો, તાલુકા ભાજપના પ્રમુખ તેમજ મહામંત્રી, દામનગર શહેર પ્રમુખ, મહામંત્રી, ગામના સરપંચ, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, શિક્ષકો, વાલીઓ તેમજ મોટી સંખ્યામાં ગામજનો હાજર રહ્યા હતા. વિધિવત પૂજા-અર્ચના બાદ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

# ધારીના ગોપાલગ્રામ ખાતે આરોગ્ય ચકાસણી કેમ્પ યોજાયો



ધારી , તા.૨૭

ધારી તાલુકાના ગોપાલગ્રામ સ્થિત ઓ. પી. ઝાટકિયા હાઈસ્કૂલ ખાતે શ્રીમતી શારદાબેન ઝાટકિયા હોસ્પિટલ, ગોંડલના સહયોગથી નિઃશુલ્ક આરોગ્ય ચકાસણી કેમ્પ સંપન્ન થયો હતો. આ સેવાકીય કાર્યક્રમમાં નિષ્ણાત ડોક્ટરોની ટીમે સેવાઓ આપી હતી. ગામ અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા, જેમાં ૧૫૦થી વધુ જરૂરિયાતમંદ દર્દીઓની તપાસ કરી યોગ્ય માર્ગદર્શન અને સારવાર પૂરી પાડવામાં આવી હતી.

# અમરેલીના કેરિયર કાઉન્સિલર દ્વારકાદાસ લલાડીયાનો આજે ડીડી ગીરનાર પર કાર્યક્રમ

**આ કાર્યક્રમનો લાભ લેવા વાલીઓને અનુરોધ કરાયો**

અમરેલી,તા.૨૭

અમરેલીના જાણીતા કેરિયર કાઉન્સિલર અને 'ફૂલછાબ'ના લોકપ્રિય કારકિર્દી લેખક શ્રી દ્વારકાદાસ લલાડીયાનો એક પ્રેરણાદાયી કાર્યક્રમ આગામી ૨૮ માર્ચ, શનિવારના રોજ બપોરે ૨.૦૦ કલાકે ડીડી ગિરનાર પર પ્રસારિત થવા જઈ રહ્યો છે. દૂરદર્શન રાજકોટના સ્ટેશન ડાયરેક્ટર સલીમભાઈ સોમાણી દ્વારા લેવાયેલા આ રસપ્રદ ઈન્ટરવ્યૂમાં વેકેશનનો રચનાત્મક અને કેળવણીલક્ષી પ્રવૃત્તિઓમાં સદુપયોગ કેવી રીતે કરવો તે અંગે ઊંડાણપૂર્વક છણાવટ કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં ખાસ કરીને



સાંપ્રત સમયમાં માતા-પિતાની ફરજો અને બાળકના સર્વાંગી વિકાસ વિશે મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓના અભ્યાસ અને વર્તનલક્ષી સમસ્યાઓના ઉકેલ માટે વાલીઓની ભૂમિકા પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. શિક્ષણપ્રેમીઓ, વિદ્યાર્થીઓ અને તમામ વાલીઓને આ માર્ગદર્શનનો મહત્તમ લાભ લેવા નમ્ર અનુરોધ કરવામાં આવ્યો છે.

# જાફરાબાદમાં રામનવમી પર્વની ભવ્ય ઉજવણી



અમરેલી,તા.૨૭

જાફરાબાદ શહેરમાં રામનવમીના પવિત્ર અવસરે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, માતૃ શક્તિ અને દુર્ગા વાહિની દ્વારા ભવ્ય શોભાયાત્રાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક મહોત્સવની શરૂઆત સ્થાનિક રામજી મંદિરે વિશેષ પૂજા અને મહાઆરતીથી કરવામાં આવી હતી. આ મંગલ પ્રસંગે ગોમતીદાસ બાપુ, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, પ્રફુલભાઈ બારીયા, મનહરભાઈ બારીયા, ચેતનભાઈ શિયાળ, ખારવા સમાજના આગેવાનો ભગુભાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખાંભાના નાનુડી-ઉમરીયા રોડ પર જમીન વિવાદમાં હુમલો કરાયો

**ટ્રેક્ટર આડું રાખી ઢીકાપાટુનો માર માર્યો**

ખાંભા, તા.૨૭

નાનુડી-ઉમરીયા રોડ પર કોળીવાળી ધાર પાસે જમીનના જૂના મનદુ:ખને કારણે બે શખ્સોએ એક યુવકને આંતરીને માર માર્યો હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હતી. આ અંગે ઉમરીયા ગામે રહેતા નયનભાઈ નાથાભાઈ મારૂ (ઉ.વ.૨૬)એ નાનુડી ગામના જેઠુરભાઈ પાતાભાઈ છૈયા તથા હમીરભાઈ રામભાઈ ભમ્મર સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમની જમીન જેઠુરભાઈ છૈયાની વાડીના શેઢે આવેલી છે. આ જમીન આરોપી પડાવી લેવા માંગતો હતો, પરંતુ તેમણે જમીન આપવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. આ બાબતે બંને વચ્ચે છેલ્લા કેટલાક સમયથી નાની-મોટી તકરારો ચાલતી હતી અને આરોપી મનદુ:ખ રાખતો હતો. તેઓ પોતાની મોટરસાયકલ લઈને ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે આરોપીએ પોતાનું ટ્રેક્ટર રોડ પર આડું રાખી તેમનો રસ્તો રોક્યો હતો. આરોપીએ ગાળાગાળી કરી ટ્રેક્ટરમાંથી લાકડી કાઢી તેમને વાસાના ભાગે તથા ડાબા હાથની કોણીએ ઘા ઝીંકી દીધા હતા. આ દરમિયાન હમીરભાઈ ભમ્મર પણ ત્યાં આવી પહોંચ્યો હતો અને બંનેએ ભેગા મળીને તેમને શરીરે આડેધડ ઢીકાપાટુનો માર માર્યો હતો અને જો જમીન નહીં આપે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક એન.બી. ગોરડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં ૭૨ દર્દીઓએ નેત્ર નિદાન કેમ્પનો લાભ લીધો

સા.કુંડલા, તા.૨૭

સાવરકુંડલાની પવિત્ર ભૂમિ પર આજે સેવા અને સમર્પણનો અદભૂત સંગમ જોવા મળ્યો હતો. છેલ્લા ૧૮ વર્ષથી દર મહિનાના ચોથા ગુરુવારે નિયમિત રીતે ચાલતા માનવસેવાના યજ્ઞ અંતર્ગત આજે ફરી એકવાર ભવ્ય નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં દર્દીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો, જેમાં કુલ ૭૨ દર્દીઓએ પોતાની આંખોની તપાસ કરાવી હતી. નિષ્ણાંતો દ્વારા તપાસ બાદ મોતિયાના ઓપરેશન માટે ૧૪ દર્દીઓની પસંદગી કરવામાં આવી હતી.

આ કેમ્પ શ્રી સદગૂરૂ શ્રી કબીર સાહેબ સેવા ટ્રસ્ટ (સાવરકુંડલા) અને લાયન્સ ક્લબ ઓફ અમરેલી સિટી - શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ, સુદર્શન નેત્રાલય હોસ્પિટલ



(અમરેલી) ના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. જેમાં વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. કાર્યક્રમનો પ્રારંભ કબીર ટેકરીના અરુણલાલ સાહેબ અને લાલભાઈ ગોહિલના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સામાજિક સેવા સંસ્થાન બચુભાઈ જીવરાજભાઈ સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટી વિશાલ વ્યાસ, ચીમનભાઈ (નાથજી નાગરિક બેંક), માધવ વ્યાસ, જગદીશભાઈ જેઠવા અને જિતેનભાઈ હેલૈયા વિશેષ ઉપસ્થિત રહી સેવાકાર્યને બિરદાવ્યું હતું.















**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૬૫/૨૦૨૬ તા.૧૬/૦૩/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. શિરોયા કંચનબેન બાવચંદભાઈ વાઈફ ઓફ નારોલા ધનસુખભાઈ રહે.ગોઢાવદર, તા.લીલીયા, જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી, ખડકાળા, તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી શિરોયા કંચનબેન બાવચંદભાઈનો જન્મ તા.૦૩/૦૧/૧૯૮૧ ના રોજ મુ.ખડકાળા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૩/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૭૩/૨૦૨૬ તા.૧૬/૦૩/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. પ્રકાશભાઈ નનાભાઈ ચુડાસમા રહે.બાઢડા, તા.સાવરકુંડલા

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી, બાઢડા, તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી પુત્રી શિલ્પાબેન પ્રકાશભાઈ ચુડાસમાનો જન્મ તા.૨૫/૦૨/૨૦૧૦ ના રોજ મુ.બાઢડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૩/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.મરણ નોંધણી/અરજી નં.૦૯/૨૦૨૬

અરજદારશ્રી:- વાડદોરિયા દિનેશભાઈ રવજીભાઈ, રે.કરજાળા તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. તકમશ્રી, કરજાળા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતાશ્રી વાડદોરિયા શાન્તાબેન રવજીભાઈનું મરણ તા.૧૧/૦૧/૧૯૮૮ ના રોજ મુ.કરજાળા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૬/૦૪/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામાં રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૬/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સાવરકુંડલા**

**સિક્યુરિટી ગાર્ડ ભરતી/કોન્ટ્રાક્ટ**

અમરેલીની નામાંકિત શૈક્ષણિક સંસ્થામાં ઉત્સાહી અને અનુભવી સિક્યુરિટી સ્ટાફની જરૂર છે.

પદ : દિવસ/રાત્રિ સિક્યુરિટી સ્ટાફ
ઉંમર મર્યાદા : ૨૫ થી ૪૫ વર્ષ
સિક્યુરિટી ક્ષેત્રનો અનુભવ ધરાવતા ઉમેદવારોને પ્રથમ પસંદગી
એજન્સી દ્વારા સિક્યુરિટી કોન્ટ્રાક્ટ પણ આવકાર્ય છે.

રસ ધરાવતા ઉમેદવારો/એજન્સી જરૂરી આધાર વિગતો સાથે સંસ્થાનો રૂબરૂ સંપર્ક કરવો.

-: સરનામું :-

**શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ**

નિયામકશ્રી કાર્યાલય,
સ્કૂલ બિલ્ડીંગ-૨,
વિદ્યાસભા, અમરેલી.

# બગસરા માર્કેટિંગ યાર્ડ દ્વારા વેપારીની મગફળીને નુકસાન પહોંચાડવા બદલ ખેડૂત મંડળીને દંડ ફટકાર્યો

બગસરા,તા.૨૭

બગસરા માર્કેટિંગ યાર્ડ ખાતે કાર્યરત ખેડૂત વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળી દ્વારા કરવામાં આવેલી બેદરકારી બદલ યાર્ડ સત્તાધીશોએ આકરા પગલાં લીધા છે. થોડા દિવસો પૂર્વે એક વેપારીને થયેલા નુકસાનના વળતર પેટે યાર્ડ દ્વારા મંડળીને દંડ ફટકારવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ, જ્યારે મંડળી દ્વારા તુવેરની ખરીદી કરવામાં આવી રહી હતી, ત્યારે તેના વાહન દ્વારા યાર્ડમાં પેઢી ધરાવતી 'માનવ ટ્રેડર્સ'ની વ્યવસ્થિત ગોઠવેલી મગફળીને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું.



તસવીર : હાર્દિક બામટા

આ ઘટના અંગે વેપારીએ માર્કેટિંગ યાર્ડને ફરિયાદ કરી હતી, જેના આધારે યાર્ડ તંત્રએ મંડળીને રૂ.૩,૦૦૦નો દંડ ફટકાર્યો છે. આ સાથે જ વેપારીને થયેલી નુકસાનીની રકમ પણ તાત્કાલિક ચૂકવી દેવા માટે મંડળીને કડક સૂચના આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ માર્કેટિંગ યાર્ડ અને આ મંડળી વચ્ચે વિવિધ મુદ્દે વિવાદો સર્જાયા છે. મંડળીના બેફામ દોડતા વાહનોને કારણે વેપારીને થયેલા આર્થિક નુકસાન બદલ હવે મંડળીએ દંડ ભરવાનો વારો આવ્યો છે. હવે આ મંડળી દંડ ભરે છે કે માર્કેટિંગ યાર્ડ સામે નવો વિવાદ છેડે છે તે જોવાનું રહેશે.

# અસલામત અમરેલી: સગીરાનો પીછો કરી બથ ભરીને છેડતી કરી

**જાનથી મારવાની ધમકી પણ આપી**

અમરેલી, તા. ૨૭

અમરેલીમાં એક સગીરાની છેલ્લા બે વર્ષથી છેડતી કરી તેને શારીરિક અને માનસિક રીતે પરેશાન કરનાર શખ્સ વિરુધ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આરોપીએ સગીરા સાથે અડપલાં કરી તેને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ અંગે સગીરાએ મોટા કસ્બાવાડમાં રહેતા અબુતાલીબ સમસુદ્દીન બારૂની (સૈયદ) સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી શખ્સ છેલ્લા બે વર્ષથી તેનો પીછો કરી પરેશાન કરતો હતો. તાજેતરમાં આરોપીએ તેનો રસ્તો રોકી, તેનો હાથ પકડી ગેરકાયદેસર અટકાયત કરી હતી. ત્યારબાદ આરોપીએ સગીરાને પરાણે બથ ભરી દબાણ કરી તેની છેડતી કરી હતી. ઉપરાંત સગીરાના શરીરે અને છાતીના ભાગે પરાણે હાથ ફેરવી શારીરિક અડપલાં કરી જાતીય સતામણી કરી હતી. આટલેથી ન અટકતા, આરોપીએ સગીરાના વાળ પકડી તેને ઢસડી હતી, જેના કારણે તેને મુંઢ ઈજાઓ પહોંચી હતી. જ્યારે તેના માતા વચ્ચે પડ્યા ત્યારે આરોપીએ તેમને પણ ધક્કો મારી પછાડી દીધા હતા અને મુંઢ ઈજાઓ પહોંચાડી હતી. આરોપીએ સગીરા અને તેના પરિવારને બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.કે.વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના દલડી ગામે દેશી દારૂની બાતમી આપ્યાની શંકાએ યુવક પર હુમલો

ખાંભા,તા.૨૭

ખાંભાના દલડી ગામે દેશી દારૂના ધંધાની બાતમી આપવાની શંકા રાખીને એક યુવક પર લાકડી વડે હુમલો કર્યાની ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઈ હતી. આ અંગે શૈલૈષભાઈ મંગાભાઈ જોગદીયા (ઉ.વ.૩૧) એ સીંકદરભાઈ મહમદભાઈ જાડેજા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે આ અંગે કોઈને કોઈ પણ પ્રકારની બાતમી આપી ન હોવા છતાં, આરોપીએ મનમાં એવો રાગદ્રેશ રાખ્યો હતો કે તેમણે જ પોલીસને આ માહિતી આપી છે. આ શંકાને આધારે આરોપીએ તેમને આંતરીને જાહેરમાં બિભત્સ ગાળો આપી હતી. ઉશ્કેરાયેલા આરોપીએ પોતાની પાસે રહેલી લાકડી વડે ડાબા હાથ પર, વાસાના ભાગે તથા શરીરે આડેધડ ઘા ઝીંકી દઈ મુંઢ ઈજાઓ પહોંચાડી હતી. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# અમરેલીના લીલીયા મોટા ખાતે વોકેશનલ એજ્યુકેશન વર્કશોપનું આયોજન કરાયું

લીલીયા,તા.૨૭

લીલીયા મોટા મહાલ કેળવણી મંડળ સંચાલિત અમૃતબા વિદ્યાલયમાં આજે સવારે ૧૧ કલાકે જિલ્લા શિક્ષણ અધિકારી મનોહરસિંહ ગોહિલના અધ્યક્ષસ્થાને તાલુકા કક્ષાના વોકેશનલ એજ્યુકેશન વર્કશોપનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. શાળાના આચાર્ય ડો. હસમુખ કરડેએ તમામ મહેમાનોનું શબ્દોથી ભાવભીનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત અધિકારીઓ અને મહાનુભાવોનું પુષ્પગુચ્છ તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.



આ તકે મનોહરસિંહ ગોહિલ અને મહેશભાઈ ગોધાણીએ વિદ્યાર્થીઓને આઈ.ટી. અને એગ્રીકલ્ચર જેવા વિષયો પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપી કારકિર્દી ઘડતર માટે પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા ખ્યાતીબેન કાનાણી અને ભૂમિકાબેન ડોબરીયાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# બાબરાના ભીલડી ગામે કારમાંથી વિદેશી દારૂની ૨૫૧ બોટલ ઝડપાઈ

**પોલીસે કુલ રૂ.૨.૪૦.૪૫૦નો મુદામાલ જપ્ત કર્યો**

બાબરા, તા.૨૭

બાબરાના ભીલડી ગામે ફોર વ્હીલમાંથી વિદેશી દારૂની ૨૫૧ બોટલ ઝડપાઈ હતી. બાબરાના ઈંગોરાળા ગામના ધર્મેશભાઈ દેવાયતભાઈ ડેર (ઉ.વ.૩૩) ફોર વ્હીલ લઈને પસાર થતા હતા ત્યારે અટકાવી તલાશી લેતાં ભારતીય બનાવટની અલગ અલગ બ્રાન્ડની ઈગ્લીશ દારૂની કુલ ૨૫૧ બોટલ મળી આવી હતી. પોલીસે રૂપિયા ૧,૬૦,૪૫૦ની કિંમતનો દારૂ તથા કાર મળી કુલ કિ.રૂ.૨,૪૦,૪૫૦નો મુદામાલ જપ્ત કર્યો હતો. જાફરાબાદમાંથી ત્રણ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાંથી ૯ લોકો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# વડિયામાં સંતાનોને ખીજાવા બાબતે મોટા સસરાએ પરિણીતાને માવતરે મુકી આવવાનું કહેતા અગ્નિસ્નાન કર્યું

વડિયા, તા. ૨૭

અમરેલી જિલ્લાના વડિયામાં બાળકોને ખીજાવા જેવી સામાન્ય બાબતમાં થયેલી કૌટુંબિક બોલાચાલીએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. મોટા સસરાના શબ્દોથી મનદુઃખ થતાં એક પરિણીતાએ પોતાના શરીરે કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરી લેતા પંથકમાં ચકચાર મચી ગઈ હતી. મળતી માહિતી મુજબ, વડિયામાં રહેતી પરિણીતાના બંને સંતાનો (દીકરો-દીકરી) સવારના નાસ્તા બાબતે તોફાન કરી રહ્યા હતા. આથી માતાએ બાળકોને શાંત રાખવા માટે તેમને ઠપકો આપ્યો હતો અને ખીજાયા હતા. આ બાબત ઘરે હાજર મોટા સસરાને પસંદ આવી નહોતી. મોટા સસરાએ પરિણીતાના સાસુને ઉદ્દેશીને કહ્યું હતું કે, આ છોકરાઓને ખીજાય છે, તેને તેના માવતરે મૂકી આવો. મોટા સસરાના આ શબ્દો સાંભળી પરિણીતાને અત્યંત લાગી આવ્યું હતું. આવેશમાં આવીને પરિણીતાએ ઘરમાં પડેલું કેરોસીનનું ડબલું લઈ પોતાના આખા શરીરે છાંટી દીવાસળી ચાંપી દીધી હતી. આ ઘટનામાં પરિણીતા આખા શરીરે ગંભીર રીતે દાઝી જતાં તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ એન ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરામાં વીરબાઈમાં સત્સંગ મંડળની બહેનો દ્વારા રામ જન્મોત્સવ ઉજવાયો

બાબરા,તા.૨૭

બાબરા ખાતે વીરબાઈ માં સત્સંગ મંડળની બહેનો દ્વારા રામ ભગવાનના જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર વિશ્વમાં મનાવવામાં આવતા આ પાવન અવસર પર મંડળ દ્વારા અત્યંત ભાવભીની ભક્તિ સાથે વિશેષ કાર્યક્રમનું સુંદર આયોજન કરાયું હતું. આ પ્રસંગે પૂજ્ય જલારામ ઝુંપડી, લોહાણા મહાજન વાડી ખાતે બહેનોએ એકત્રિત થઈ ભજન-કીર્તન અને સત્સંગની રમઝટ બોલાવી સમગ્ર વાતાવરણને રામમય બનાવી દીધું હતું.



તસવીર :દિપક કનૈયા

# રાજુલામાં માતાની ખબર કાઢવા આવતા સંબંધીઓ ન ગમતા ભાઈએ ભાઈ પર હુમલો કરતાં ચકચાર

રાજુલા, તા. ૨૭

રાજુલામાં ઘોર કળિયુગની સાબિતી આપતો કિસ્સો સામે આવ્યો હતો. બીમાર માતાની ખબર કાઢવા આવતા સંબંધીઓ ન ગમતા ભાઈએ ભાઈ પર હુમલો કરતાં ચકચાર મચી ગઈ હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી પણ આવી હતી. મહેશભાઈ કાનાભાઈ ખાંભલાએ ઘેલાભાઈ કાનાભાઈ ખાંભલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ અને આરોપી ઘેલાભાઈ ખાંભલા બંને સગા ભાઈઓ છે. ઘેલાભાઈ ખાંભલા તેમની અને અન્ય પરિવારજનોથી અલગ રહે છે અને લાંબા સમયથી તેમની વચ્ચે બોલવા-ચાલવાનો કોઈ વ્યવહાર નથી. થોડા સમય પહેલા તેમના માતા બીમાર પડ્યા હતા, જેના કારણે તેમના સગા-સંબંધીઓ ઘરે ખબર અંતર પૂછવા માટે આવતા હતા. ઘરે આવતા મહેમાનો અને સંબંધીઓની અવરજવર ઘેલાભાઈ ખાંભલાને પસંદ નહોતી. આ બાબતનું મનદુઃખ રાખી તેમણે તેની સાથે ઝઘડો કર્યો હતો. ઉશ્કેરાયેલા ઘેલાભાઈ ખાંભલાએ ગાળાગાળી કરી તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એટલું જ નહીં, તેમના મોઢાના ભાગે હોઠ પર જોરદાર ઢીકો મારી દેતા લોહી નીકળ્યું હતું અને શરીરે આડેધડ ઢીકાપાટુનો માર મારી મુંઢ ઈજાઓ પહોંચાડી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: દશમ
તા.૨૮-૦૩-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૬:૩૯,
સૂર્યાસ્ત-૦૬:૪૯, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુષ્ય

## દૈનિક રાશિફળ

તા.૨૮-૦૩-૨૦૨૬ શનિવાર

મેષ: આજે કોઇપણ નવા કાર્યને શરૂ કરવા માટે સમય અનુકૂળ છે. તમારામાં નવી વસ્તુઓને જાણવાની ઇચ્છા રહેશે.

વૃષભ: તમને કોઇ સારી સફળતા મળવાની છે. તમારાથી આ સમયે કોઇ ભૂલ થવાની શક્યતા છે. તણાવને હાવી થવા દેશો નહીં.

મિથુન: જેટલો વધારે પરિશ્રમ કરશો તેટલું જ અનુકૂળ પરિણામ પણ પ્રાપ્ત થશે. દૈનિક કાર્યોને શાંતિથી પૂર્ણ કરશો. સ્વાસ્થ્ય સારું રહેશે.

કર્ક: તમારી દિનચર્યાને લગતા કાર્યોમાં સંપૂર્ણ ઊર્જા લગાવીને ધ્યાન આપી શકશો. સ્વાસ્થ્ય સારું રહેશે.

સિંહ: પરિવાર સાથે હરવા-ફરવા તથા ડિનરનો પ્રોગ્રામ બનશે. કોઇ જૂના મિત્ર સાથે મુલાકાત થવાથી વિતેલી યાદો તાજા થશે.

કન્યા: તમારા વિરોધીઓની ગતિવિધિઓ ઉપર નજર રાખો. વેપારમાં આજે કોઇ કામ પ્રત્યે વધારે મહેનતની જરૂરિયાત છે.

તુલા: સંબંધોને મજબૂત જાળવી રાખવાની તમારી કોશિશ સફળ થશે. સંબંધો ગાઢ બનશે. તમે તે દરેક વસ્તુ પ્રાપ્ત કરવાની કોશિશ કરશો.

વૃશ્ચિક: પરિવારમાં વાતાવરણ સુખદ રહેશે. ધર્મ અને અધ્યાત્મ પ્રત્યે તમારો વધતો વિશ્વાસ પણ તમને શાંતિ અને માનિસક સુખ આપશે.

ધન: બુદ્ધિમત્તા, હોશિયારથી તમે તમારા મહત્ત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરવામાં સક્ષમ રહેશો.

મકર: તમારી સહનશક્તિમાં ઘટાડો ન આવવા દેશો. બપોર પછી સમય ખૂબ જ શાંતિપૂર્ણ અને અનુકૂળ છે.

કુંભ: રાજનૈતિક તથા અનુભવી વ્યક્તિની સલાહ તથા મદદ તમારા વ્યવસાયને નવી દિશા પ્રદાન કરશે.

મીન: આ સમયે કોઇપણ પ્રકારનું દેવુ લેવાથી બચવું. વેપારમાં ફાયદો આપતી નવી યોજનાઓ બનશે.

# સાવરકુંડલાની કાણકિયા કોલેજમાં વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી પુસ્તકોની ભેટ

સા.કુંડલા,તા.૨૭

સાવરકુંડલાની વી. ડી. કાણકિયા આર્ટસ અને એમ. આર. સંઘવી કોમર્સ કોલેજમાં અભ્યાસ કરી રહેલા ટી. વાય. બી. એ. (અંગ્રેજી)ના વિદ્યાર્થીઓ માટે એક વિશેષ પુસ્તક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આગામી પરીક્ષાઓને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓ ઉત્કૃષ્ટ પરિણામ મેળવી શકે તેવા ઉમદા હેતુથી આ પુસ્તકોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટી ગોલ્ડ મેડાલિસ્ટ તન્વીબેન પૂજારા દ્વારા ખાસ તૈયાર કરાયેલા અંગ્રેજી વિષયના પરીક્ષાલક્ષી પુસ્તકો વિદ્યાર્થીઓને અર્પણ કરવામાં આવ્યા હતા. આ પુસ્તકો વિદ્યાર્થીઓને વિષયની ઊંડી સમજ અને પરીક્ષાની તૈયારીમાં માર્ગદર્શક સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. આ પ્રસંગે ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ રમેશભાઈ હિરાણી, વાઈસ પ્રિન્સિપાલ પ્રો. રીંકુબેન ચૌધરી, અંગ્રેજી વિભાગના અધ્યક્ષ પ્રો. ડો. દિલીપભાઈ ભટ્ટ, કોમર્સ વિભાગના પ્રો. ડો. હરેશ દેસરાણી તેમજ પ્રો. ડો. કલ્પેશભાઈ રાડિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.



# દેવગામ ગામે ભરવાડ સમાજના સ્મશાન પાસેથી ૨૯ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૨૭

વડિયાના દેવગામ ગામે ભરવાડ સમાજના સ્મશાન પાસેથી ૨૯ લીટર દેશી દારૂ પકડાયો હતો. મહાવીરભાઈ જીલુભાઈ વાળા (ઉ.વ.૧૯) પાસેથી પરમીટે દેશી દારૂ લીટર-૨૯ ઝડપાયો હતો. પોલીસે મોટર સાયકલ, દારૂ મળી કુલ ૨૦,૮૦૦નો પ્રોહી મુદામાલ જપ્ત કર્યો હતો. અનિડા ગામેથી એક્ટિવા પર થતી દારૂની ખેપ ઝડપાઈ હતી. પોલીસે ૧૯ લીટર દેશી દારૂ જપ્ત કર્યો હતો.

# રાજુલામાં વાવેરા રોડ કબ્રસ્તાન પાસેથી પાંચ શકુની ઝડપાયા

રાજુલા, તા.૨૭

રાજુલામાં વાવેરા રોડ કબ્રસ્તાન પાસેથી ૫ શકુની ઝડપાયા હતા. તેમની પાસેથી રૂ. ૧૧,૬૫૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. અકબરશા અલારખશા કનોજીયા, કાદરશા અલારખશા કનોજીયા, હનીફશા હાજીશા પઠાણ, મુસ્તુફા સતારશા સોરઠીયા તથા બહાદુરશા કાદરશા પઠાણ ગોળ કુંડાળુ વળી પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા રેઈડ દરમિયાન ઝડપાયા હતા.

# અમરેલીના યુવક સાથે અમદાવાદના વેપારીએ રૂ.૧૫.૧૩ લાખની છેતરપિંડી આચરી

અમરેલી, તા.૨૭

અમરેલીમાં કન્સ્ટ્રક્શનના કામ માટે લોખંડના સળિયા મંગાવવા ગયેલા એક આસામી સાથે રૂ.૧૫ લાખથી વધુની છેતરપિંડી થઈ હોવાની ઘટના સામે આવી હતી. લોખંડના સળિયા ન મોકલાવી કે રકમ પરત ન આપી વિશ્વાસઘાત કરવા બદલ અમદાવાદ વેપારી વિરુધ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. અમરેલીમાં રહી બાંધકામનો ધંધો કરતા મયંકભાઈ જયંતીભાઈ માંગરોળીયા (ઉ.વ.૩૬)એ અમદાવાદના હિરેનભાઈ સખરેલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે પોતાના કન્સ્ટ્રક્શનના કામ માટે આરોપી પાસેથી આશરે ૨૬ ટન લોખંડના સળિયાનો ઓર્ડર આપ્યો હતો. આ સોદાના એડવાન્સ પેમેન્ટ પેટે તેમણે આરોપીની 'બાલાજી એન્ટરપ્રાઈઝ' નામની પેઢીના ખાતામાં કુલ રૂ.૧૫,૧૩,૦૯૨ આર.ટી.જી.એસ. દ્વારા ટ્રાન્સફર કર્યા હતા. રકમ ચૂકવી દીધા બાદ પણ આરોપીએ લોખંડના સળિયા મોકલાવ્યા નહોતા. જ્યારે તેમણે પોતાની રકમ પરત માંગી, ત્યારે આરોપીએ પૈસા પાછા આપવાનો પણ ઈનકાર કરી દીધો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.બી.સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.


## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ દિપક વી. નાગ્રેચા, અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલશ્રી ભરતકુમાર ગણપતભાઈ ઉપાધ્યાય, રહે અમરેલી વાળાએ અમો પાસે ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામમાં સુધરાઈ હદમાં હનુમાનપરા રોડ રસ્તે, એસ.ટી.ડીવીઝન પાછળ આવેલ રે.સ.નં.૧૧૪ પૈકી, ૧૧૪૨ પૈકી., ૧૫૦ પૈકી ની બીનખેડવાણ જમીન માહે આવેલ "મારૂતિનગર"ના પ્લોટ નં.૭૭ ના પ્લોટવાળી મિલ્કત આવેલ છે. તેના ચો.મી- ૧૩૭-૫૦ છે. સદરહુ મિલ્કત વાળી પ્લોટની જમીન બટુકભાઈ છગનભાઈ તથા કાંતીલાલ છગનભાઈના કુલ મુખત્યાર રમેશકુમાર ગોરધનદાસ માલવીયા પાસેથી (૧) કિશોરભાઈ કેશવભાઈ પાનસુરીયા તથા નં. (૨) ચંપકકુમાર ભીખાલાલ કારીયાએ રજી.વે.દ.નં.૨૦૬૦થી તા.૦૮/૧૦/૧૯૯૦ના રોજ વેચાણ રાખેલ ત્યારબાદ તેઓ પાસેથી તેમના કુલ મુખત્યાર ભીખાલાલ કેશવલાલ કારીયા દવારા તા.૧૬/૦૧/૧૯૯૧ના રોજ રજી.વે.દ.નં.૭૯થી દામજીભાઈ મુળજીભાઈ અંટાળીયાએ વેચાણ રાખેલ ત્યારબાદ તેઓના કુલ મુખત્યાર રાજેશભાઈ પોપટભાઈ શેલડીયા પાસેથી રજી.વે.દ.નં.૧૨૪૨થી તા.૧૨/૦૪/૨૦૨૨ના રોજ ભાવેશભાઈ લાલજીભાઈ કાથરોટીયાએ વેચાણ રાખેલ ત્યારબાદ તેઓ પાસેથી ઉપરોક્ત અમારા અસીલે રજી.વે.દ.નં.૩૪૮થી તા. ૨૧/૦૧/૨૦૨૨ના રોજ વેચાણ રાખેલ છે તો તે મિલ્કતના ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈ તે રીતે સદરહુ મિલ્કતનો અગાઉના વેચાણ વ્યવહારો ઉપરોકત કુલમુખત્યાર દરજજે થયેલ છે.

તો ઉપરોક્ત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યક્તિનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્થ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યક્તિનો લાગ ભાગ, હકક-હિસ્સો હોય અથવા આ મિલ્કત અગાઉ કુલમુખત્યારનામું આપનાર દવારા તેને અગાઉ રદ કરવામાં આવેલ હોય તો કુ.મુ. દવારા ઉપરોક્ત વેચાણ વ્યવહાર થયેલ હોઈને, આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણ માં સદરહુ મિલ્કત અંગે કોઈને કઈ પણ હરક્ત, વાંધા તકરાર, હોય તો લેખીતમાં આધાર પુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા(વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કઈ પણ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૨૭/૦૩/૨૦૨૬
અમરેલી.
૧૧૭, ફસ્ટ ફલોર, નારણ આર્કેડ,
ભીડ ભંજન મહાદેવ મંદિર સામે,
લીલીયા રોડ, અમરેલી.

સહી
દિપક વી. નાગ્રેચા
એડવોકેટ અમરેલી.

**તંત્રી લેખ**

# એઆઈ સ્કૂલનું આગમન

એક સમય હતો જ્યારે શિક્ષણનો અર્થ બ્લેકબોર્ડ, ચોક અને શિક્ષકની સમજણથી ભરેલો વર્ગખંડ હતો. આજે આ દ્દશ્ય ઝડપી ગતિએ બદલાઈ રહ્યું છે. અમેરિકામાં શરૂ થયેલી ''આલ્ફા સ્કૂલ'' જેવી સંસ્થાઓએ પરંપરાગત શિક્ષણ પધ્ધતિને પડકાર આપ્યો છે. અહીં શિક્ષક અને વર્ગખંડની જગ્યાએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત પ્લેટફોર્મ છે, જ્યાં બાળકો કમ્પ્યુટર સ્ક્રીન મારફતે અભ્યાસ કરે છે. સવારનો સમય એઆઈ ટ્યુટર સાથે પસાર થાય છે, જ્યારે બપોર બાદ વિદ્યાર્થીઓ લાઈફ સ્કિલ્સ, ટીમવર્ક અને પ્રોજેક્ટ આધારિત પ્રવૃત્તિઓમાં જોડાય છે. આ મોડેલ પ્રથમ નજરે આકર્ષક લાગે છે. એઆઈ દરેક વિદ્યાર્થીની ગતિ, ક્ષમતા અને નબળાઈને ઓળખીને વ્યક્તિગત અભ્યાસક્રમ તૈયાર કરી શકે છે. પરંપરાગત વર્ગમાં એક શિક્ષક માટે ૪૦થી વધુ વિદ્યાર્થીઓ વચ્ચે આ પ્રકારનું ધ્યાન આપવું મુશ્કેલ બને છે. એઆઈ થાકતું નથી, કંટાળતું નથી અને કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વિના સતત માર્ગદર્શન આપે છે. ખાસ કરીને ભારત જેવા દેશમાં, જ્યાં શિક્ષકોની અછત છે અને ગ્રામ્ય વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત શિક્ષણનો અભાવ છે, ત્યાં એઆઈ એક અસરકારક વિકલ્પ બની શકે છે. પરંતુ આ ચિત્રનો બીજો પાસો પણ એટલો જ મહત્વનો છે ખર્ચ. આલ્ફા સ્કૂલની વાર્ષિક ફી લગભગ ૫૧ લાખ રૂપિયા છે, જે ભારતના સામાન્ય પરિવાર માટે અશક્ય સમાન છે. અહીં સવાલ ઊભો થાય છે કે જે ટેકનોલોજી સમાનતા લાવવાનો દાવો કરે છે, તે પોતે જ અસમાનતાને વધારી રહી છે? જો આ પ્રકારનું શિક્ષણ માત્ર ધનિક વર્ગ સુધી મર્યાદિત રહેશે, તો સમાજમાં શિક્ષણનો અંતર વધુ ઊંડો બનશે. ભારતમાં સેલ્ફ ફાઈનાન્સ શાળાઓની ઘણી ટીકા થાય છે, જેમ કે ઊંચી ફી અને ગુણવત્તાનો અભાવ. છતાં, આ શાળાઓએ ઘણા વિદ્યાર્થીઓને શિક્ષણની તક આપી છે. એઆઈ આધારિત સ્કૂલો જો આ જ મોંઘી માળખામાં આવશે, તો તે કોઈ ઉકેલ નહીં પરંતુ માત્ર એક નવી પ્રસ્તુતિ બની રહેશે. શિક્ષણનો હેતુ દરેક બાળક સુધી પહોંચવાનો છે, ન કે માત્ર સમૃધ્ધ વર્ગ માટે સીમિત રહેવાનો. બીજો મહત્વનો મુદ્દો છે માનવીય સ્પર્શ. એઆઈ બાળકને વિષય સમજાવી શકે છે, પરંતુ મૂલ્યો અને જીવનશૈલી શીખવવામાં માનવીય શિક્ષકની ભૂમિકા અનિવાર્ય છે. શિક્ષક માત્ર જ્ઞાન આપનાર નથી, પરંતુ પ્રેરણાસ્ત્રોત છે. બાળકની નિષ્ફળતામાં તેને પ્રોત્સાહન આપવું, તેની લાગણીઓને સમજવી આ ગુણ એઆઈમાં શક્ય નથી. આલ્ફા સ્કૂલ દ્વારા બપોર પછીની પ્રવૃત્તિઓ દ્વારા આ ખોટ પૂરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જે એક સકારાત્મક પગલું છે. ભારત માટે યોગ્ય માર્ગ સંતુલનનો છે. એઆઈને સંપૂર્ણ રીતે અપનાવવું કે સંપૂર્ણ નકારવું બંને અતિરેક છે. સરકારે એ દિશામાં કામ કરવું જોઈએ કે એઆઈ આધારિત સાધનો સરકારી અને ઓછી ફી વાળી શાળાઓમાં ઉપલબ્ધ થાય. જો આ ટેકનોલોજી સબસિડી અથવા જાહેર-ખાનગી ભાગીદારીથી ઉપલબ્ધ બને, તો શિક્ષણમાં ખરેખર પરિવર્તન આવી શકે છે. અંતમાં કહી શકાય કે એઆઈ શિક્ષણનો વિકલ્પ નથી, પરંતુ એક શક્તિશાળી સાધન છે. સાચી પ્રગતિ ત્યારે જ થશે જ્યારે ટેકનોલોજીનો ઉપયોગ સમાનતા વધારવા માટે થશે. નહીં તો તે માત્ર એક નવી અસમાનતાનો માર્ગ બની રહેશે.

# યુએસએસની સમુદ્રી તાકાત ગણાતા અબ્રાહમ લિંકન પર હુમલો




**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

મધ્ય પૂર્વમાં છેલ્લા કેટલાક સમયથી અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ ફરી ઉગ્ર બન્યો છે. આ તણાવને વધુ ગંભીર બનાવનાર ઘટના ત્યારે સામે આવી જ્યારે ઈરાને અમેરિકાના શક્તિશાળી એરક્રાફ્ટ કેરિયર યુએસએસ અબ્રાહમ લિંકન પર હુમલો કરવાનો દાવો કર્યો. ઈરાનના રાજ્ય મીડિયાએ એક વીડિયો જાહેર કર્યો, જેમાં જણાવાયું કે ''કાદર'' નામની ક્રુઝ મિસાઈલ દ્વારા આ જહાજને નિશાન બનાવવામાં આવ્યું હતું. આ દાવા બાદ વૈશ્વિક સ્તરે ચિંતા અને ચર્ચા બંને વધ્યાં છે. જોકે, અમેરિકાએ તરત જ આ દાવાને ફગાવી દીધો અને જણાવ્યું કે જહાજ સંપૂર્ણ રીતે સુરક્ષિત છે અને તેની કામગીરી યથાવત્ ચાલુ છે. આ ઘટના માત્ર સૈન્ય અથડામણ નહીં, પરંતુ માહિતી યુધ્ધનું પણ એક મહત્વપૂર્ણ ઉદાહરણ બની છે. ઈરાનના જણાવ્યા મુજબ, ઓમાનનો સમુદ્ર વિસ્તારમાં અમેરિકી નૌકાદળની વધતી હાજરીને ધ્યાનમાં રાખીને તે સતર્ક બન્યું હતું. આ દરમિયાન ઈરાનની સેનાએ દાવો કર્યો કે તેણે લાંબા અંતરની ''કાદર'' ક્રુઝ મિસાઈલ લોન્ચ કરી, જેનો નિશાન સીધો અમેરિકી એરક્રાફ્ટ કેરિયર હતો. આ મિસાઈલ સમુદ્રમાં ગતિશીલ મોટા લક્ષ્યોને ચોક્કસ રીતે નિશાન બનાવી શકે છે. જાહેર કરાયેલા વીડિયોમાં મિસાઈલ સમુદ્ર તરફ આગળ વધતી દેખાય છે અને અંતે વિસ્ફોટ જેવી અસર દર્શાવવામાં આવી છે. ઈરાનના અધિકારીઓએ આને ''ચેતવણી'' ગણાવી છે અને જણાવ્યું કે જો અમેરિકી દળો તેમની સીમા નજીક આવશે તો વધુ કડક પગલાં લેવાશે. પરંતુ અમેરિકન સૈન્ય અધિકારીઓએ આ દાવાને સંપૂર્ણપણે ખોટો ગણાવ્યો છે. તેમણે સ્પષ્ટ જણાવ્યું કે કોઈ મિસાઈલ જહાજને વાગી નથી અને કોઈ પ્રકારનું નુકસાન થયું નથી. અમેરિકાના જણાવ્યા મુજબ, આ પ્રકારના દાવા માનસિક દબાણ ઊભું કરવા માટે કરવામાં આવે છે. એસ.એસ. અબ્રાહમ લિંકન માત્ર એક યુધ્ધ જહાજ નથી, પરંતુ તે એક તરતું હવાઈ મથક છે. અમેરિકન નૌકાદળ માટે આ જહાજ ગૌરવ અને સૈન્ય શક્તિનું પ્રતીક છે. તેનું નામ અબ્રાહમ લિંકન પરથી રાખવામાં આવ્યું છે, જે અમેરિકાના ઈતિહાસના મહત્વપૂર્ણ નેતા ગણાય છે. આ જહાજ વર્ષ ૧૯૮૯થી સેવા આપી રહ્યું છે અને અનેક સૈન્ય મિશનોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી ચૂક્યું છે. આ જહાજની સૌથી મોટી વિશેષતા એ છે કે તે સમુદ્રના કોઈપણ વિસ્તારમાં જઈને ત્યાંથી હવાઈ હુમલાની ક્ષમતા ધરાવે છે. એટલે કે, જમીન પર એરબેઝ વિના પણ અમેરિકા તેની હવાઈ શક્તિ પ્રદર્શિત કરી શકે છે. લગભગ ૩૩૩ મીટર લાંબું આ જહાજ કદમાં એક નાના શહેર જેટલું લાગે છે અને તેમાં હજારો નૌકાસૈનિકો રહે છે. તેનો ફ્લાઈટ ડેક એટલો વિશાળ છે કે તેમાં એક સાથે અનેક યુધ્ધ વિમાનો ઊડી શકે છે. અંદાજે ૮૦ થી ૯૦ જેટલા વિમાનો રાખવાની ક્ષમતા ધરાવતું આ જહાજ સતત ઓપરેશન ચલાવી શકે છે. આ જહાજ પર રહેલી સુવિધાઓ પણ અત્યાધુનિક છે, જેમાં હોસ્પિટલ, રસોડાં, રહેઠાણ અને અન્ય આવશ્યક સુવિધાઓનો સમાવેશ થાય છે. આ એરક્રાફ્ટ કેરિયર અત્યંત શક્તિશાળી લડાકુ ક્ષમતા ધરાવે છે. તેમાં આધુનિક યુધ્ધ વિમાનો તૈનાત હોય છે, જે હવામાંથી હુમલા કરવા, જાસૂસી કરવા અને દુશ્મનના રડાર સિસ્ટમને અક્ષમ બનાવવા સક્ષમ છે. આ વિમાનોની મદદથી જહાજ એક દિવસમાં અનેક મિશન ચલાવી શકે છે. આ ઉપરાંત, જહાજ પાસે મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ પણ હોય છે, જે આવતી મિસાઈલને વચ્ચે જ નષ્ટ કરી શકે છે. આ કારણે આ પ્રકારના જહાજ પર સીધો સફળ હુમલો કરવો ખૂબ જ મુશ્કેલ બની જાય છે. હાલમાં અમેરિકાના જણાવ્યા મુજબ યુએસએસ અબ્રાહમ લિંકન સંપૂર્ણ રીતે સુરક્ષિત છે અને તેની કામગીરી યથાવત્ ચાલુ છે. તે મધ્ય પૂર્વના સમુદ્ર વિસ્તારમાં તૈનાત રહીને અમેરિકી દળોને સહાય પૂરી પાડી રહ્યું છે. કોઈપણ પ્રકારનું નુકસાન થયું હોવાનો કોઈ વિશ્વસનીય પુરાવો સામે આવ્યો નથી. વિશ્વના નિરીક્ષકો માને છે કે આ ઘટના રાજકીય અને માનસિક દબાણ ઊભું કરવાનો એક પ્રયાસ હોઈ શકે છે. બંને દેશો વચ્ચે સીધી અથડામણ ટાળવા માટે કૂટનીતિક પ્રયાસો ચાલુ છે, છતાં તણાવ હજુ યથાવત્ છે. આ ઘટનાએ અમેરિકન મીડિયામાં પણ ભારે ચર્ચા જગાવી છે. સીએનએન, ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ યુ ફોક્સ ન્યૂ જ જેવા મોટા સમાચાર માધ્યમોએ ઈરાનના દાવાઓ પર સવાલ ઉઠાવ્યા છે અને આ ઘટનાને ''પ્રચાર યુધ્ધ'' તરીકે વર્ણવી છે. આ મીડિયા સંસ્થાઓએ અમેરિકન સેનાના નિવેદનોને મહત્વ આપીને જણાવ્યું કે જહાજ સંપૂર્ણ સુરક્ષિત છે અને કોઈ હુમલો સફળ રહ્યો નથી. કેટલાક વિશ્લેષણોમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ઈરાન આવા દાવાઓ દ્વારા પોતાની સૈન્ય ક્ષમતા દર્શાવવા અને આંતરરાષ્ટ્રીય સમર્થન મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે. વિશેષજ્ઞોના મતે, આજના યુગમાં માહિતીનું યુધ્ધ પણ એટલું જ મહત્વનું બની ગયું છે જેટલું વાસ્તવિક યુધ્ધ ખોટી અથવા અર્ધસાચી માહિતી તણાવને વધુ વધારી શકે છે. યુએસએસ અબ્રાહમ લિંકન પર થયેલા હુમલાના દાવાએ ફરી એકવાર વૈશ્વિક રાજકારણમાં મધ્ય પૂર્વનું મહત્વ વધારી દીધું છે. આ ઘટના દર્શાવે છે કે આધુનિક યુધ્ધમાં માત્ર હથિયારો જ નહીં, પરંતુ માહિતી અને પ્રચાર પણ મહત્વપૂર્ણ હથિયાર બની ગયા છે. ઈરાનના દાવા અને અમેરિકાના ઈન્કાર વચ્ચેનું સત્ય શું છે તે કદાચ સમય સાથે સ્પષ્ટ થશે. પરંતુ હાલની પરિસ્થિતિ તણાવપૂર્ણ છે અને કોઈપણ સમયે બદલાઈ શકે છે. વિશ્વના દેશો આ ઘટનાને નજીકથી નિરીક્ષણ કરી રહ્યા છે, કારણ કે આવી ઘટનાઓ મોટા સંઘર્ષનું કારણ બની શકે છે. આથી, શાંતિ, સંવાદ અને કૂટનીતિ જ આ સમસ્યાનો લાંબા ગાળાનો ઉકેલ બની શકે છે.

**ઓમાન ના સમુદ્રમાં તૈનાત અમેરિકાના સૌથી મોટા એરક્રાફ્ટ કેરિયર અબ્રાહમ લિંકન પર યુદ્ધની તૈયારી ચાલી રહી હતી ફાઈટર વિમાન ઉડાન માટે તૈયાર થઈ રહ્યા હતા એ જ સમયે ઇરાનનું એક ભયાનક ક્રુઝ મિસાઇલ પ્રચંડ ઝડપે આગ ઓકતું અબ્રાહમ લિંકન તરફ આવતું જોઈને અમેરિકન નેવીના શ્વાસ અધ્ધર ચડી ગયા. પછી શું બન્યું?**

## શબ્દ સંજોગ-૨૧૭૦



**આડી ચાવી :**
(૧) બળતણ, ઈંધન (૩)
(૨) એક અંગ્રેજી તોલ (૨)
(૩) વિદાય કરેલું (૩)
(૪) નેણ, નયન (૨)
(૫) ટોળી (૩)
(૬) મોંમા એકવાર લેવાય એટલો ખોરાક (૩)
(૯) અંગુઠો બતાવી ના કહેવું તે (૨)
(૧૧) ઈરાનનું એક ચલણ (૩)
(૧૨) વલસાડ જીલ્લાનું એક શહેર (૨)
(૧૩) રાજા, નરેશ (૨)
(૧૪) હેર, કેશ થયા (અ) (૨)
(૧૫) વ્યર્થ, નકામું (૪)
(૧૭) યજ્ઞ કરવો તે (૩)
(૧૮) .....રે સાસરીયા જાતા (૨)
(૧૯) સિંહ (૩)
(૨૦) સ્કૂલમાં ભણાવાતો એક વિષય (૩)
(૨૨) ગાવની ઢબ (૩)
(૨૪) કાળજી, માવજત (૩)
(૨૬) હિંમત (૨)
(૨૭) .....તેવો ઓડકાર (૨)

**ઉભી ચાવી :**
(૧) આજે .....નો જમાનો છે (૫)
(૫) રસ ઉપજે તેવી ટૂંકી વાત (૩)
(૭) અજય દેવગણ, કરીશ્મા કપુરની ફિલ્મ (૪)
(૮) શેરનો ૭૨ મો ભાગ (૨)
(૧૦) એક વૃક્ષ (૩)
(૧૩) શાળામાં ભણાવાતો એક વિષય (૩)
(૧૫) વાવ, કૂવો (૨)
(૧૬) સ્ત્રીઓનું એક વસ્ત્ર (૩)
(૨૧) દુ:ખ, પીડા (૩)
(૨૩) ભાર, બોજ (૩)
(૨૫) દૂધ પરની મલાઈ (૩)
(૨૬) જરૂરીયાત, આવશ્યક્તા (૨)
(૨૭) ....બગાડે મતી (૨)
(૨૮) ઈજા, ઘા (૩)
(૨૯) નવુ પાકેલ અનાજ (૩)

## શબ્દ સંજોગ-૨૧૬૯ જવાબ


**આડી ચાવી** : (૧) શ્રાવસ્તી (૪) ભોરા (૬) વદ (૭) વાંદર (૯) જીરૂં (૧૧) ણનમ (નમણ) (૧૩) મજાર (૧૫) યદુ (૧૭) જતન (૧૯) ભૈડ (૨૦) કાશ્મીર (૨૨) વાન (૨૩) નદ (૨૫) વરાંસો (૨૯) ધારો (૩૦) સોગંદ (૩૧) અણસાર (૩૨) વાળી.
**ઉભી ચાવી** : (૧) શ્રાવણ (૨) વદન (૩) પદમ (૫) રાજી (૮) રજા (૧૦) રુધન (૧૨) મય (૧૪) રજ (૧૬) દુકાન (૧૮) તદન (૧૯) વૈભવ (૨૧) રશ્મિ (૨૨) વાસો (૨૪) દડદડ (૨૬) રાંઝણ (૨૭) આરો (૨૮) રસોળી (૨૯) ધાર.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| મગ | ૯૧૦ | ૧૨૦૦ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૦૬૦ |
| રાજમા | ૧૧૫૦ | ૧૭૫૬ |
| લસણ | ૧૧૦૦ | ૨૪૫૦ |
| મરચા સુકા | ૧૯૫૦ | ૭૦૧૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૪૨૦૦ |
| કલોંજી | ૨૧૫૦ | ૩૦૯૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૭૨૮ | ૧૦૫૬ |
| લીંબુ | ૧૬૧૦ | ૩૩૧૨ |
| સાકરટેટી | ૧૫૯ | ૩૫૨ |
| તરબુચ | ૧૫૩ | ૩૦૪ |
| પપૈયા | ૯૩ | ૧૪૧ |
| બટેટા | ૧૦૭ | ૨૫૪ |
| ડુંગળી સુકી | ૫૧ | ૨૭૦ |
| ટમેટા | ૬૮ | ૧૬૬ |
| સુરણ | ૮૦૮ | ૧૦૨૧ |
| કોથમરી | ૨૪૯ | ૪૨૨ |
| સકરીયા | ૧૧૨ | ૩૨૧ |
| મુળા | ૩૦૯ | ૫૨૬ |
| રીંગણા | ૨૦૭ | ૪૨૪ |
| કોબીજ | ૬૨ | ૧૦૪ |
| ફ્લાવર | ૨૦૧ | ૩૦૨ |
| ભીંડો | ૭૮૯ | ૧૦૦૪ |
| ગુવાર | ૫૨૪ | ૧૨૫૯ |
| ચોળાસીંગ | ૫૮૮ | ૯૭૯ |
| વાલોળ | ૫૦૪ | ૭૮૬ |
| ટીંડોળા | ૩૩૫ | ૭૧૪ |
| દુધી | ૧૫૯ | ૨૯૪ |
| કારેલા | ૪૫૮ | ૬૧૨ |
| સરગવો | ૨૨૬ | ૫૩૬ |
| તુરીયા | ૩૬૮ | ૭૫૧ |
| પરવર | ૧૨૨૮ | ૧૪૩૧ |
| કાકડી | ૨૭૨ | ૪૫૬ |
| ગાજર | ૧૮૨ | ૩૧૨ |
| વટાણા | ૮૭૯ | ૧૨૪૩ |
| ગલકા | ૪૨૪ | ૬૦૭ |
| બીટ | ૮૪ | ૧૬૬ |
| મેથી | ૧૯૨ | ૩૦૨ |
| વાલ | ૭૭૮ | ૯૬૯ |
| ડુંગળી લીલી | ૧૭૧ | ૨૯૧ |
| આદુ | ૧૦૦૬ | ૧૨૧૨ |
| મરચા લીલા | ૪૦૭ | ૬૧૪ |
| લસણ લીલું | ૭૧૯ | ૧૦૪૨ |
| મકાઇ લીલી | ૧૧૯ | ૨૧૨ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૬૦ | ૨૪૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૮૦ | ૧૦૦ |
| શકકરીયા | ૨૦૦ | ૩૦૦ |
| ટમેટાં | ૧૫૦ | ૨૦૦ |
| સુરણ | ૫૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મૂળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૧૦૦ | ૨૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૩૦૦ | ૪૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| ગુંદા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| સરગવો | ૧૫૦ | ૨૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૨૨૦ |
| લસણ લીલું | ૭૦૦ | ૮૦૦ |
| લસણ સુકું | ૧૦૦૦ | ૧૬૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| લીબુ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| મકાઈ | ૧૦૦ | ૨૦૦ |
| **મહુવા** | | |
| શીંગ મગડી | ૧૪૦૦ | ૧૪૦૦ |
| શીંગ ૩૯ | ૧૦૦૦ | ૧૨૧૬ |
| શીંગ જી-૨૦ | ૧૪૩૦ | ૧૫૦૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૩૩ |
| જુવાર | ૩૮૧ | ૧૦૧૭ |
| બાજરી | ૩૦૬ | ૫૮૨ |
| ઘઉં ટુકડા | ૪૧૧ | ૬૫૨ |
| ધાણા | ૧૭૦૦ | ૨૪૭૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| મગ | ૩૩૦ | ૨૩૧૦ |
| મેથી | ૫૦૦ | ૧૧૬૦ |
| ચણા | ૭૦૩ | ૧૦૩૩ |
| તલ સફેદ | ૧૮૯૦ | ૨૧૦૦ |
| તલ કાળા | ૨૭૫૦ | ૨૭૫૦ |
| તુવેર | ૪૧૦ | ૧૪૫૨ |
| ડુંગળી લાલ | ૮૦ | ૨૮૦ |
| ડુંગળી સફેદ | ૧૯૮ | ૩૫૬ |
| કપાસ શંકર | ૧૧૦૪ | ૧૪૯૧ |
| નાળીયેર | ૩૫૦ | ૨૧૪૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૨૫ | ૧૬૦૦ |
| મગફળી | ૧૧૩૫ | ૧૧૩૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૨૫ |
| જુવાર સફેદ | ૫૦૦ | ૭૦૦ |
| તુવેર | ૧૩૫૧ | ૧૪૮૦ |

# યુધ્ધના માહોલ વચ્ચે સડસડાટ ઉંચે ચડેલું સોનુ ઘટીને ૧૦ ગ્રામના રૂ.૧.૪૪ લાખે પહોંચ્યુ

મુંબઈ,તા.૨૭



અમેરિકા-ઈઝરાયલની ઈરાન સાથે ચાલી રહેલા યુધ્ધ વચ્ચે સોના-ચાંદીના ભાવમાં સતત ઘટાડો ચાલુ છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનું ૨,૪૯૦ રૂપિયા ઘટીને ૧.૪૪ લાખ રૂપિયા પર આવી ગયું છે. આ પહેલા ગુરુવારે તે ૧.૪૬ લાખ પર હતું. જ્યારે, એક કિલો ચાંદીની કિંમત ૯,૧૧૪ રૂપિયા ઘટીને ૨.૨૫ લાખ રૂપિયા પર આવી ગઈ છે. આ પહેલા ૨૬ માર્ચે તેની કિંમત ૨.૩૫ લાખ રૂપિયા પ્રતિ કિલો હતી. અમેરિકા-ઈરાન યુધ્ધના કારણે સોનું ૨૮ દિવસમાં ૧૫,૩૮૨ અને ચાંદી ૪૧,૦૦૦ સસ્તી થઈ છે.ટ્રાન્સપોર્ટેશન અને સિક્યોરિટીઃ સોનાને એક શહેરથી બીજા શહેરમાં લઈ જવામાં ઈંધણ અને ભારે સુરક્ષાનો ખર્ચ થાય છે. આયાત કેન્દ્રોથી અંતર વધવા પર ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ વધી જાય છે, જેનાથી સ્થાનિક ભાવ વધી જાય છે. દક્ષિણ ભારત જેવા વિસ્તારોમાં વપરાશ વધુ (લગભગ ૪૦%) હોવાને કારણે જ્વેલર્સ મોટી માત્રામાં સોનું ખરીદે છે. આનાથી મળતી છૂટનો ફાયદો ગ્રાહકોને ઓછા ભાવના રૂપમાં મળે છે. દરેક રાજ્ય અને શહેરના પોતાના જ્વેલરી એસોસિએશન (જેમ કે તમિલનાડુમાં મદ્રાસ જ્વેલર્સ એસોસિએશન) હોય છે. આ સંગઠનો સ્થાનિક માંગ અને સપ્લાયના આધારે પોતાના વિસ્તાર માટે સોનાનો ભાવ નક્કી કરે છે. જ્વેલર્સે પોતાનો સ્ટોક કયા ભાવે ખરીદ્યો છે, તે પણ મહત્વનું છે. જે જ્વેલર્સ પાસે જૂનો અને સસ્તા ભાવે ખરીદેલો સ્ટોક હોય છે, તેઓ ગ્રાહકો પાસેથી ઓછી કિંમત વસૂલી શકે છે. સોનામાં આ વર્ષની શરૂઆતમાં તેજી જોવા મળી હતી, પરંતુ છેલ્લા કેટલાક અઠવાડિયામાં નફાખોરી અને ઈરાન યુધ્ધને કારણે તેમાં ઘટાડો થયો છે.

# યુધ્ધને કારણે ફિલીપાઈન્સમાં રાષ્ટ્રીય ઉર્જા કટોકટી જાહેર, અનેક દેશ ઝપેટમાં

મુંબઈ,તા.૨૭

ઈરાન યુધ્ધની વિનાશક અસરો હવે સમગ્ર વિશ્વમાં પ્રબળ બની છે, જેમાં હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા થતું શિપિંગ બંધ થતાં એશિયન દેશોની હાલત સૌથી વધુ કફોડી થઈ છે. વિશ્વના ૨૦ ટકા તેલ અને ત્રીજા ભાગના ગેસનો પુરવઠો આ માર્ગેથી પસાર થતો હોવાથી આ ઘટનાને ઈતિહાસનું સૌથી મોટું ઉર્જા સંકટ માનવામાં આવે છે. આ કટોકટીનો પ્રથમ શિકાર ફિલિપાઈન્સ બન્યું છે, જ્યાં રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરે રાષ્ટ્રીય ઉર્જા કટોકટી જાહેર કરી દીધી છે. ફિલિપાઈન્સ તેની જરૂરિયાતનું ૯૮ ટકા તેલ પશ્ચિમ એશિયાથી મંગાવે છે અને હવે ત્યાં માત્ર ૪૫ દિવસનો જ સ્ટોક બચ્યો છે. આ સ્થિતિ માત્ર ફિલિપાઈન્સ પૂરતી મર્યાદિત નથી; વિયેતનામ, દક્ષિણ કોરિયા અને તાઈવાન જેવા દેશો પણ ભારે દબાણ હેઠળ છે. વિયેતનામ તેના ક્રૂડ ઓઈલની ૯૦ ટકા આયાત મધ્ય પૂર્વથી કરે છે. ભારત અને ચીન જેવા મોટા અર્થતંત્રો પણ આ પુરવઠા પર નિર્ભર હોવાથી વૈશ્વિક સ્તરે મોંઘવારી અને આર્થિક અસ્થિરતાનો ભય વધી રહ્યો છે. ૨૮ ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં ગેસોલિનના ભાવમાં ૧૦૦ ટકાનો વધારો એ સૂચવે છે કે જો યુધ્ધ લાંબુ ચાલશે તો એશિયાના અનેક દેશોનું અર્થતંત્ર ખોરવાઈ શકે છે.

# કેન્દ્ર સરકારે પેટ્રોલ-ડિઝલમાં રૂા.૧૦ એક્સાઈઝ ડ્યુટી ઘટાડી

મુંબઈ,તા.૨૭

વૈશ્વિક સ્તરે ચાલી રહેલા ઈઝરાયલ-ઈરાન યુધ્ધના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં અચાનક ઉછાળો આવ્યો છે, જેના પરિણામે પ્રતિ બેરલ કિંમત ઈ૭૦થી વધીને ઈ૧૦૦ને પાર કરી ગઈ છે.

આ આર્થિક કટોકટીનો સામનો કરવા અને સામાન્ય જનતા પરનો બોજ હળવો કરવા માટે કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડિઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં ૧૦-૧૦ રૂપિયાનો મોટો ઘટાડો કરવાની જાહેરાત કરી છે. ન્યૂઝ એજન્સી પીટીઆઈના અહેવાલ મુજબ, અગાઉ પેટ્રોલ પર જે એક્સાઈઝ ડ્યુટી ૧૩ રૂપિયા હતી તે હવે ઘટીને માત્ર ૩ રૂપિયા થઈ ગઈ છે. તેવી જ રીતે ડિઝલ પરની ૧૦ રૂપિયાની ડ્યુટી ઘટાડીને હવે શૂન્ય કરી દેવામાં આવી છે. સરકારના આ ઐતિહાસિક પગલાથી તેલ કંપનીઓના નફાના માર્જિનમાં સુધારો થશે અને સ્થાનિક બજારમાં ઈંધણના ભાવ સ્થિર રાખવામાં મદદ મળશે. મોંઘવારીના આ સમયમાં સરકારનો આ નિર્ણય મધ્યમ વર્ગ માટે આશીર્વાદ સમાન સાબિત થશે.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

પ્રખરતા કસોટી, માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા અને પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં

# અમરેલી જિલ્લા લેવલે ઓક્સફર્ડ સ્કૂલનો ડંકો

અમરેલી,તા.૨૭

અમરેલીની ઓક્સફર્ડ સ્કૂલે પ્રખરતા કસોટી, માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા અને પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સમગ્ર જિલ્લામાં પોતાનું નામ રોશન કર્યું છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત પ્રખરતા કસોટીમાં રાજ્યના શ્રેષ્ઠ ૧૦૦૦ વિદ્યાર્થીઓની યાદીમાં ઓક્સફર્ડ સ્કૂલના ૧૩ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવી શાળાની શૈક્ષણિક ગુણવત્તાનો પરિચય આપ્યો છે. આ પરીક્ષામાં શાળાનો વિદ્યાર્થી ભટ્ટ હેત કમલકાંત ૯૯.૯૯ પી.આર. સાથે સમગ્ર ગુજરાત રાજ્યમાં દ્વિતીય ક્રમે ઉત્તીર્ણ થયો છે, જે એક અત્યંત ગૌરવપૂર્ણ સિદ્ધિ ગણાય છે. માત્ર પ્રખરતા કસોટી જ નહીં, પરંતુ માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા (SSE) માં પણ ભટ્ટ હેતે ૧૧૦ ગુણ મેળવીને રાજ્ય કક્ષાએ ફરી એકવાર બીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ સિવાય અમરેલી જિલ્લાના મેરિટ લિસ્ટમાં પણ ઓક્સફર્ડ સ્કૂલનો દબદબો જોવા મળ્યો છે, જેમાં પ્રથમ ચાર ક્રમે ભટ્ટ હેત, દવે ઓમ, કાપડીયા વંશ અને સગાળકા જેનીશ જેવા આ સંસ્થાના જ વિદ્યાર્થીઓ રહ્યા છે. આ પરિણામો વિદ્યાર્થીઓની સખત મહેનત અને શાળાના યોગ્ય માર્ગદર્શનનો પુરાવો આપે છે. સાથોસાથ પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા (PSE) માં ભાલોડીયા દેવર્ષે ૧૦૧ ગુણ મેળવી અમરેલી તાલુકામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને શાળાની સફળતામાં વધુ એક છોગું ઉમેર્યું છે. આમ, ત્રણેય પરીક્ષાઓમાં ઓક્સફર્ડ સ્કૂલના વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ દેખાવ કરીને સાબિત કરી દીધું છે કે સંસ્થા ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરૂ પાડવામાં અગ્રેસર છે.






## અમરેલીમાં અસામાજિક તત્વોને સીધા દોર કરવા પોલીસ મેદાને

અમરેલી,તા.૨૭



અમરેલીમાં ગુરૂવારના રોજ અસામાજિક તત્વો દ્વારા ચક્કરગઢ રોડ પર ખુલ્લી છરી સાથે ધસી જઈ આતંક મચાવ્યો હતો. લુખ્ખાઓએ છરીની અણીએ દુકાન બંધ કરાવતા વિસ્તારવાસીઓમાં ભયનું લખલખુ પ્રસરી ગયુ હતુ. જેથી લુખ્ખાઓને સીધા દોર કરવા અમરેલી પોલીસના ધાડેધાડા ઉતરી ગયા હતા. જો કે અસામાજિક તત્વો કોણ છે તેની પોલીસને પણ જાણ હોવાની ચર્ચાઓ થઈ રહી ત્યારે સમગ્ર વિસ્તારને બાનમાં લેનાર સામે પોલીસ શું કાર્યવાહી હાથ ધરે છે તે જોવાનું રહ્યુ.

## રાજ્ય સરકાર દ્વારા વારસાઈ જમીન વ્યવહારમાં સ્ટેમ્પ ડ્યુટી ઘટાડવાના નિર્ણયને કિસાન મોરચાએ વધાવ્યો

અમરેલી, તા.૨૭

રાજ્ય સરકાર દ્વારા વારસાઈ જમીનના વહીવટ માટે માત્ર રૂ.૩૦૦ની ટોકન સ્ટેમ્પ ડ્યુટી વસૂલવાના ઐતિહાસિક નિર્ણયને ભારતીય જનતા પાર્ટી કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી હિરેન હિરપરાએ આવકાર્યો છે. તેમણે આ નિર્ણય બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્ય સરકારને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. હિરપરાએ જણાવ્યું હતું કે, ખેડૂતોનું હિત એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે અને આ નિર્ણય ખેતી, ખેડૂત તથા ગામડાઓના સર્વાંગી વિકાસની દિશામાં એક મજબૂત સાક્ષી પૂરે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર સતત લોકકલ્યાણકારી નિર્ણયો



લઈ રહી છે. વારસાઈ જમીન વહીવટમાં જંત્રી આધારિત મોટી રકમને બદલે માત્ર રૂ.૩૦૦ ની નજીવી ડ્યુટીથી ખેડૂતોને સીધી આર્થિક રાહત મળશે અને વર્ષોથી ચાલતા કૌટુંબિક વિવાદોમાં પણ ઘટાડો થશે. આ નિર્ણયથી ગ્રામીણ સુખાકારીમાં વધારો થશે અને વહીવટી પ્રક્રિયા વધુ સરળ તેમજ પારદર્શક બનશે. હિરપરાએ આ ખેડૂતલક્ષી અભિગમ માટે સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

## કોડીનારથી અંબાજીની નવધામ એક્સપ્રેસ એસ.ટી બસ ફરી શરૂ કરવા માંગણી

કોડીનાર,તા.૨૭

એસટી વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૨માં શરૂ થયેલ કોડીનાર-અંબાજી બસ સેવા છ મહીનાના સંચાલન બાદ બંધ કરવામાં આવી હતી. આ બસ સેવા ફરીથી શરૂ કરવા માટે અવારનવાર માંગણી કરવામાં આવતી હતી. પણ દરેક વખતે અમરેલી એસ.ટી વિભાગ દ્વારા સ્ટાફ શોર્ટેઝનું કારણ આપવામાં આવતું હતું. એસ.ટી નિગમે અનેક વખત સ્ટાફની ભરતી કરવા છતાં પણ આ બસ સેવા શરૂ કરી નથી. હાલમાં સરકાર દ્વારા અંબાજી, સુન્ધામાતા, માતાનો મઢ, સોમનાથ, સાળંગપુર, બગદાણા, ભગુડા,પાવાગઢ જેવા યાત્રાધામો જવા માટે વિવિધ વિભાગોમાંથી અંદાજીત પચાસેક જેટલા નવા બસ રૂટો શરૂ કર્યા છે ત્યારે કોડીનારથી અંબાજીની બસ સેવા પ્રાચી સોમનાથ, જુનાગઢ ,વિરપુર, ચોટીલા, બહુચરાજી, ઊંઝા, ઊનાવા જેવા નવ યાત્રાધામો ને એક જ રૂટમાં જોડી શકે તેમ હોય આ બાબતે પુન વિચારણા કરવા માંગ કરાઈ છે.

## ધોરાજીના મોટીમારડમાં નવનિર્મિત કોઝવે પુલની કામગીરીમાં ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે ખેડૂતોનો વિરોધ

ધોરાજી,તા.૨૭

ધોરાજી તાલુકાના મોટીમારડ ગામે મારડિયા ડુંગર તરફના રસ્તે તાજેતરમાં બનાવવામાં આવેલા નવનિર્મિત કોઝવે પુલની કામગીરી નબળી હોવાના આક્ષેપ સાથે સ્થાનિક ખેડૂતોએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. પુલમાં ટૂંકા સમયમાં જ તિરાડો પડી જતાં ખેડૂતોએ કોઝવે પાસે એકત્રિત થઈ સૂત્રોચ્ચાર કર્યા હતા અને આ કામ ફરીથી યોગ્ય રીતે કરાવવાની માંગ કરી હતી. ખેડૂત અગ્રણી પરેશભાઈ વાછાણીએ આક્ષેપ કર્યો હતો કે જિલ્લા પંચાયત દ્વારા રૂ.૧૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી હોવા છતાં કામ અત્યંત નબળું થયું છે અને આ પ્રોજેક્ટમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો છે. બીજી તરફ, મોટીમારડ ગામના મહિલા સરપંચ શર્મિલાબેન ચાવડાએ ભ્રષ્ટાચારના આક્ષેપોને નકારી કાઢ્યા હતા. તેમણે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે કોઝવેની કામગીરીમાં કોઈ ગેરરીતિ થઈ નથી અને આ કામ ગ્રામજનોની દેખરેખ હેઠળ જ કરવામાં આવ્યું હતું. તેમણે વધુમાં સ્પષ્ટતા કરી હતી કે આ રસ્તા પર હાલમાં સોલાર પેનલના કામો ચાલી રહ્યા હોવાથી ભારે વાહનોની સતત અવરજવર રહે છે, જેના કારણે પુલમાં ક્ષતિઓ દેખાઈ હોઈ શકે છે.



તસવીર : નયન કુહાડીયા

## દામનગરની ઝેડ.એમ.અજમેરા ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓએ સંજોગ ન્યૂઝની મુલાકાત લીધી

અમરેલી,તા.૨૭

દામનગરની શ્રીમતિ ઝેડ. એમ.અજમેરા ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓએ શુક્રવારે અમરેલીના 'સંજોગ ન્યૂઝ' કાર્યાલયની મુલાકાત લીધી હતી. વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત આયોજિત આ પ્રવાસનો મુખ્ય હેતુ પ્રિન્ટ મીડિયાની કાર્યશૈલી સમજવાનો હતો. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થિનીઓએ સમાચારના એકત્રીકરણથી લઈને તેના લેખન, પેઈજ ડિઝાઈનિંગ અને અંતે પ્રિન્ટિંગ મશીન પર થતા છાપકામની પ્રક્રિયાને અત્યંત નજીકથી નિહાળી હતી. અખબારને સમયસર વાચકો સુધી પહોંચાડવા માટે કરવામાં આવતું વ્યવસ્થાપન જોઈને વિદ્યાર્થિનીઓ પ્રભાવિત થઈ હતી. આ તકે સંજોગ ન્યૂઝ વતી સુરેશભાઈ દેસાઈએ વિદ્યાર્થિનીઓને પત્રકારત્વના વિવિધ પાસાઓ વિશે સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું, જેનાથી તેમનામાં લેખન અને સંચાર કૌશલ્ય પ્રત્યે રુચિ જાગી હતી.વિદ્યાર્થિનીઓએ આ મુલાકાતને યાદગાર ગણાવી હતી.



## ગોંડલમાં રામજી મંદિર ખાતે રામનવમીની ઉજવણી

ગોંડલ,તા.૨૭

ગોંડલમાં પરમ પૂજ્ય મહંત શ્રી જયરામદાસજી મહારાજની અધ્યક્ષતામાં સુપ્રસિધ્ધ રામજી મંદિર ખાતે રામનવમીની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કળશ સ્થાપના, શ્રી રામ ચરિત માનસજીના પાઠ, રામજન્મોત્સવ, શ્રી રામ વિવાહ, ગુરુદેવશ્રી હરિચરણદાસજી મહારાજની ૧૦૪મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે સંતો-મહંતો, મહાનુભાવો, સમાજ શ્રેષ્ટિઓ, ગુરુભાઈઓ બહેનો મોટી સંખ્યામાં આરતી તેમજ દર્શનનો લાભ લીધો હતો. રામલલ્લાના વધામણાં અને બપોરે મહાઆરતીમાં હજારોની સંખ્યામાં માનવમહેરામણ ઉમટ્યું હતું આ નિમિતે રઘુરામ યજ્ઞમાં ડો. દિવ્યેશભાઈ જયસુખભાઈ પોપટ તથા પોપટ પરિવારે એ મુખ્ય યજમાન તરીકે જોડાયા હતા. મંદિરના પટાંગણમાં મહાપ્રસાદમાં મોટી સંખ્યામાં ગુરુભાઈઓ અને ભક્તજનોએ લાભ લીધો હતો.



તસવીર : ભોજાણી દેવાંગ

## ધોરાજીમાં બોલિવૂડ ફિલ્મ 'ફોર્સ ૩'નું શૂટિંગ : જોન અબ્રાહમ સહિતના કલાકારોના કાફલાએ જમાવ્યું આકર્ષણ

ધોરાજી,તા.૨૭

ધોરાજી શહેરમાં બોલિવૂડની આગામી એક્શન ફિલ્મ 'ફોર્સ ૩' ના શૂટિંગ માટે જાણીતા અભિનેતા જોન અબ્રાહમ સહિતના કલાકારો અને ટેકનિકલ ટીમનો મોટો કાફલો આવી પહોંચ્યો છે. ફિલ્મની ટીમ દ્વારા ધોરાજીના રેલ્વે સ્ટેશન, ખરાવાડ પ્લોટ અને માતાવાડી પ્લોટ સહિતના વિસ્તારોમાં વિવિધ દ્રશ્યોનું શૂટિંગ કરવામાં આવ્યું હતું. ખાસ કરીને ખરાવાડ પ્લોટમાં જોન અબ્રાહમ અને સહાયક કલાકારો દ્વારા કાર અને બાઈકના જોખમી સ્ટંટના દ્રશ્યો શૂટ કરવામાં આવ્યા હતા.

ફિલ્મની વાર્તા અને દ્રશ્યોની ગોપનીયતા જળવાઈ રહે તે માટે શૂટિંગ યુનિટ દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી હતી. શૂટિંગના સ્થળે રસ્તાઓ પર મોટા પડદા લગાવી દેવામાં આવ્યા હતા અને ફોટોગ્રાફી તેમજ વીડિયોગ્રાફી પર સંપૂર્ણ પ્રતિબંધ રાખવામાં આવ્યો હતો. આ શૂટિંગને જોવા માટે સ્થાનિક લોકોની ભારે ભીડ એકઠી થઈ હતી, પરંતુ કડક સુરક્ષા અને ગોપનીયતાને કારણે સામાન્ય લોકો શૂટિંગ નિહાળી શક્યા ન હતા.

શૂટિંગ દરમિયાન અભિનેતા જોન અબ્રાહમે ધોરાજી વિભાગીય પોલીસ કચેરીની મુલાકાત લીધી હતી અને ત્યાં હાજર પોલીસ અધિકારીઓ તેમજ કર્મચારીઓ સાથે વાતચીત કરી હતી. તેમણે ફિલ્મની સફળતા માટે આશાવાદ વ્યક્ત કર્યો હતો, જોકે ટીમ દ્વારા પત્રકારોને કોઈ વિગતો આપવામાં આવી ન હતી. ઉલ્લેખનીય છે કે, અગાઉ ધોરાજીમાં વિશ્વવિખ્યાત એપલ કંપનીના આઈફોનની જાહેરાતનું શૂટિંગ પણ પીરખાના કુવા ચોક અને આંબલી કુવા ચોક વિસ્તારમાં કરવામાં આવ્યું હતું, જેના કારણે ધોરાજી હવે ફિલ્મ શૂટિંગ માટે પસંદગીનું કેન્દ્ર બની રહ્યું છે.



તસવીર : નયન કુહાડીયા

## ધોરાજી સ્મશાનની ચાર એકર જગ્યા મામલે પૂર્વ નગરપાલિકા પ્રમુખ દ્વારા ઉપવાસ આંદોલન

ધોરાજી, તા.૨૭

ધોરાજી ખાતે અનુસૂચિત જાતિના સ્મશાન માટેની જમીનને લઈ ધોરાજી નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ડી. એલ. ભાષા જમીનની માગણી મામલે ઉપાસ આંદોલન પર ઉતર્યા હતા. જેમણે ધોરાજી મામલતદાર ને સંબોધી લેખિત પત્રમાં જણાવેલ કે ધોરાજી ખાતે ચાર એકર જેટલી જમીન અનુસૂચિત જાતિના માટે સ્મશાન માટે ફાળવેલી હતી જે વર્ષો પૂર્વે અમારા વડવાઓ દ્વારા એ જમીન સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરના વહીવટ કર્તા હોય ગાયોના ઘાસચારા માટે જગ્યા વાપરવા માટે ઉપયોગમાં લેવા માંગેલી હતી. જેથી એ જગ્યા એમને વાપરવા માટે આપેલી હતી.

જ્યારે અમારા સો વર્ષ જુના સ્મશાનમાં દફનવિધિ કરવા માટે હવે જગ્યા નો અભાવ હોવાથી અમે લોકોએ જે સ્વામિનારાયણ મંદિરના વહીવટ કર્તાઓને જગ્યા વાપરવા આપેલી હતી તે પરત માગતા તેઓએ જણાવેલ કે આ જગ્યા પર અમારો અધિકાર છે અને આ જગ્યા અમારી છે. ઉલ્ટા અમારી પાસે જગ્યાના આધાર પુરાવા માંગેલા હતા. જગ્યા ૧૦૦ વર્ષ જૂની હોવાથી તેમના કોઈ આધાર પુરાવા હાલમાં મળવા પામેલ નથી.



## ગોંડલમાં પેટ્રોલ-ડીઝલની અછતની અફવાઓ પર તંત્રની લાલ આંખ: પોલીસ દ્વારા પંપો પર સઘન ચેકિંગ

ગોંડલ,તા.૨૭

છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા અને અન્ય માધ્યમો દ્વારા પેટ્રોલ-ડીઝલની અછત અંગે ફેલાઈ રહેલી અફવાઓને પગલે ગોંડલ શહેરનું વહીવટી તંત્ર હરકતમાં આવ્યું છે. જનતામાં ફેલાયેલા ડર અને પેટ્રોલ પંપો પર થતી બિનજરૂરી ભીડને નિયંત્રિત કરવા માટે શહેરની એ-ડિવિઝન અને બી-ડિવિઝન પોલીસે સંયુક્ત રીતે વિવિધ પેટ્રોલ પંપો પર સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે, તેથી જનતાએ કોઈપણ પ્રકારની અફવાઓ પર ધ્યાન આપવું નહીં. વાહનચાલકોને માત્ર જરૂરિયાત મુજબ જ ઈંધણ ભરાવવા અને પ્લાસ્ટિકના કેન કે અન્ય સાધનોમાં બિનજરૂરી સંગ્રહ ન કરવા વિનંતી કરવામાં આવી છે.




**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૨૯/૨૦૨૬

શ્રી કપિલરાય હરિલાલ ખંભોળીયા,
રહે.૯/બી, શક્તિનગર, સોસાયટી, શાંતેશ્વર રોડ,
જોષીપરા, જુનાગઢ-૩૬૨૦૦૧ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - ખંભાળીયા
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી કપિલરાય હરિલાલ ખંભોળીયાનો જન્મ તા.૧૯/૦૬/૧૯૭૭ના રોજ ગામ મોજે: ખંભાળીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મ નોંધ ગ્રામ પંચાયત કચેરી - ખંભાળીયા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.


આજ તારીખ :- ૨૫ મી માહે : માર્ચ સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

# જી-૭ બેઠકમાં એસ. જયશંકર અને કેનેડાના વિદેશ મંત્રી વચ્ચે પશ્ચિમ એશિયાની કટોકટી પર ચર્ચા

નવી દિલ્હી તા. ૨૭

ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે ફ્રાન્સમાં યોજાયેલી જી-૭ (G7) વિદેશ મંત્રીઓની બેઠક દરમિયાન કેનેડાના વિદેશ મંત્રી અનિતા આનંદ સાથે મહત્વપૂર્ણ દ્વિપક્ષીય મુલાકાત કરી હતી. આ બેઠકમાં મુખ્યત્વે પશ્ચિમ એશિયામાં પ્રવર્તતી તણાવપૂર્ણ સ્થિતિ અને તેની વૈશ્વિક અસરો પર ગહન ચર્ચા કરવામાં આવી હતી. કેનેડાના વિદેશ મંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ



'X' પર આ મુલાકાત અંગે માહિતી આપતા જણાવ્યું કે, બંને નેતાઓએ વેપાર, કૃષિ, શિક્ષણ અને મહત્વપૂર્ણ ખનિજો જેવા ક્ષેત્રોમાં સહયોગ મજબૂત કરવા પર ભાર મૂક્યો હતો.

આ ઉપરાંત, આ વર્ષની શરૂઆતમાં થયેલી ભારત મુલાકાત દરમિયાન નક્કી થયેલા વ્યૂહાત્મક મુદ્દાઓની પ્રગતિની પણ સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકનો મુખ્ય એજન્ડા હોર્મુઝ સ્ટ્રેટને આંતરરાષ્ટ્રીય દરિયાઈ વેપાર માટે ખુલ્લો રાખવાનો હતો. પર્શિયન ગલ્ફ અને ઓમાનના અખાત વચ્ચેનો આ સાંકડો માર્ગ વૈશ્વિક ઉર્જા સુરક્ષા માટે કરોડરજ્જુ સમાન છે, કારણ કે વિશ્વના કુલ તેલ અને ગેસ વેપારનો અંદાજે ૨૦% હિસ્સો અહીંથી પસાર થાય છે. ઈરાન દ્વારા સર્જાયેલા વિક્ષેપોને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે.

# ભારતની સૈન્ય શક્તિમાં વધારો : તુંગુસ્કા મિસાઈલ અને P-8I વિમાન માટે રૂ.૮૫૮ કરોડના બે કરાર

નવી દિલ્હી, તા.૨૭

ભારતના સંરક્ષણ મંત્રાલયે સૈન્યની ક્ષમતા વધારવા માટે કુલ રૂ.૮૫૮ કરોડના બે મહત્વપૂર્ણ કરાર કર્યા છે. નવી દિલ્હીમાં રક્ષા સચિવ રાજેશ કુમાર સિંહની ઉપસ્થિતિમાં આ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. પ્રથમ કરાર હેઠળ, ભારતીય સેના માટે રશિયાની કંપની સાથે રૂ.૪૪૫ કરોડમાં 'તુંગુસ્કા એર ડિફેન્સ મિસાઈલ



સિસ્ટમ' ખરીદવામાં આવશે. આ અત્યાધુનિક સિસ્ટમ ડ્રોન, વિમાન અને ક્રુઝ મિસાઈલ જેવા હવાઈ જોખમો સામે ભારતની સુરક્ષા કવચને વધુ મજબૂત બનાવશે. બીજો કરાર ભારતીય નૌકાદળના P-8I લાંબા અંતરના દરિયાઈ જાસૂસી વિમાનોની જાળવણી (ડેપો લેવલ) માટે રૂ.૪૧૩ કરોડમાં કરવામાં આવ્યો છે. 'બાય ઈન્ડિયા' શ્રેણી હેઠળ બોઈંગ ઈન્ડિયા ડિફેન્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે થયેલો આ કરાર ૧૦૦% સ્વદેશી સામગ્રી પર આધારિત છે. આ પગલું 'આત્મનિર્ભર ભારત' અને 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને વેગ આપશે, કારણ કે હવે આ વિમાનોનું સમારકામ અને જાળવણી દેશની અંદર જ ઉપલબ્ધ એમઆરઓ સુવિધાઓ પર થઈ શકશે.

# મધ્યપ્રદેશમા 'બે બાળકોનો નિયમ' થશે સમાપ્ત, ત્રણ બાળકો ધરાવતા લોકોને પણ મળશે સરકારી નોકરી

ભોપાલ તા. ૨૭

મધ્યપ્રદેશ સરકાર સરકારી નોકરીઓ માટેનો ૨૪ વર્ષ જૂનો 'બે બાળકોનો નિયમ' નાબૂદ કરવા જઈ રહી છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તૈયાર કરાયેલ આ પ્રસ્તાવને મુખ્યમંત્રીની સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઈ છે અને ટૂંક સમયમાં તેને કેબિનેટમાં રજૂ કરવામાં આવશે. આ ફેરફાર બાદ, ત્રણ કે તેથી વધુ બાળકો ધરાવતા ઉમેદવારો સરકારી નોકરી માટે અયોગ્ય ઠરશે નહીં.

શિક્ષણ અને આરોગ્ય વિભાગને લાભ: વર્ષ ૨૦૦૧થી અમલી આ કાયદાને કારણે સૌથી વધુ અસર શિક્ષણ વિભાગના કર્મચારીઓ પર પડી હતી. નવા નિયમથી હજારો પડતર કેસોનો ઉકેલ આવશે. ત્રીજા બાળકને કારણે જે કર્મચારીઓને નોકરીમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા અથવા જેમના કેસ કોર્ટમાં છે, તેમને મોટી રાહત મળવાની શક્યતા છે.

# ઈરાન સંકટ વચ્ચે ભારત ફરી રશિયા તરફ ઝુક્યુ, તેલની આયાત ૪૦% સુધી પહોંચવાનો અંદાજ

નવી દિલ્હી તા. ૨૭

પશ્ચિમ એશિયામાં ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચે વધતા યુદ્ધના તણાવે વૈશ્વિક ઉર્જા બજારને હચમચાવી દીધું છે. ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટમાં સર્જાયેલી અસ્થિરતાને કારણે ભારતની ઉર્જા સુરક્ષા પર જોખમ ઊભું થયું છે. આ પરિસ્થિતિમાં ભારત ફરી એકવાર તેના જૂના અને વિશ્વાસપાત્ર મિત્ર રશિયા તરફ





વળ્યું છે. તાજેતરમાં દિલ્હીમાં રશિયન નાયબ ઉર્જા મંત્રી પાવેલ સોરોકિન અને કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી વચ્ચે થયેલી બેઠકમાં 'લિક્વિફાઈડ નેચરલ ગેસ' (LNG) ના સીધા પુરવઠા માટે મૌખિક સમજૂતી થઈ છે. અંદાજ છે કે આગામી એક મહિનામાં રશિયાથી તેલની આયાત બમણી થઈને કુલ આયાતના ૪૦% સુધી પહોંચી શકે છે. ભારતનો અડધો ઉર્જા પુરવઠો મધ્ય પૂર્વના માર્ગો પર આધારિત છે. જો આ પુરવઠો લાંબા સમય સુધી ખોરવાય, તો દેશમાં ફુગાવો વધી શકે છે અને રૂપિયો નબળો પડી શકે છે. અગાઉ અમેરિકી ટેરિફના દબાણ હેઠળ ભારતે રશિયન તેલની ખરીદી ઘટાડી હતી.

# નીતીશ કુમાર ૩૦ માર્ચે વિધાન પરિષદમાંથી આપશે રાજીનામું : હવે રાજ્યસભામાં સંભાળશે જવાબદારી

પટણા, તા. ૨૭

બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર આગામી ૩૦ માર્ચે બિહાર વિધાન પરિષદના સભ્યપદેથી ઔપચારિક રાજીનામું આપશે. ગત ૧૬ માર્ચે રાજ્યસભામાં બિનહરીફ ચૂંટાયા બાદ, બંધારણીય નિયમો અનુસાર તેમણે ૧૪ દિવસની અંદર કોઈપણ એક ગૃહનું પદ છોડવું અનિવાર્ય છે. આ સમયમર્યાદા ૩૦ માર્ચે પૂર્ણ થતી હોવાથી તેઓ વિધાન પરિષદના અધ્યક્ષને પોતાનું રાજીનામું સુપરત કરશે. કોઈ પણ વ્યક્તિ એકસાથે બે ગૃહોના સભ્યપદ ભોગવી શકતી નથી. રાજ્યસભામાં ચૂંટાયાના ૧૪ દિવસમાં અગાઉની બેઠક ખાલી કરવી પડે છે. નીતીશ કુમારે છેલ્લે ૨૦૦૪માં લોકસભા ચૂંટણી લડી હતી, ત્યારથી તેઓ સતત વિધાન પરિષદના સભ્ય રહીને મુખ્યમંત્રી પદ સંભાળી રહ્યા છે. નીતીશ કુમારના આ પગલાને તેમના રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશ અને દિલ્હીમાં કેન્દ્ર સરકારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાના સંકેત તરીકે જોવામાં આવે છે.

# કેન્દ્રના પેટ્રોલ-ડીઝલમાં એક્સાઈઝ ડયુટીમાં રૂ.૧૦ના ઘટાડાના નિર્ણયને વિપક્ષે 'ચૂંટણી સ્ટંટ' ગણાવ્યો

નવી દિલ્હી તા. ૨૭

કેન્દ્ર સરકારે એક્સાઈઝ ડ્યુટીમાં પ્રતિ લિટર રૂ.૧૦નો ઘટાડો કરીને જનતાને રાહત આપવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ આ નિર્ણયને લઈને રાજકીય ગરમાવો તેજ થયો છે. વિપક્ષી નેતાઓએ આ પગલાને આગામી વિધાનસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને લેવાયેલો 'ચૂંટણી સ્ટંટ' ગણાવ્યો છે. પવન ખેરાએ આક્ષેપ





કર્યો કે જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ સસ્તું હતું ત્યારે સરકારે લાભ આપવાને બદલે ૨૧ વખત કર વધાર્યો હતો. હવે ચૂંટણી આવતા જ જનતાને ગેરમાર્ગે દોરવા ભાવ ઘટાડાયા છે. આરજેડી સાંસદ મીસા ભારતી અને ટીએમસી સાંસદ સાગરિકા ઘોષે જણાવ્યું કે કાગળ પર ભાવ ઘટ્યા છે, પરંતુ પેટ્રોલ પંપો પર ઈંધણની તીવ્ર અછત છે. એલપીજી અને તેલ માટે લાંબી કતારોને કારણે સામાન્ય જીવન ખોરવાયું છે.કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડી.કે. શિવકુમાર અને અન્ય નેતાઓએ આશંકા વ્યક્ત કરી છે કે ૩૦ એપ્રિલે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સરકાર ફરીથી ભાવમાં મોટો વધારો ઝીંકી શકે છે.

# ભારતની સૈન્ય શક્તિ વધશે : જી-૪૦૦ અને અત્યાધુનિક ડ્રોન સહિતના સંરક્ષણ સોદાઓને મળશે મંજૂરી

નવી દિલ્હી તા. ૨૭

દેશની સંરક્ષણ ક્ષમતાઓને નવી ઊંચાઈએ લઈ જવા માટે સંરક્ષણ સંપાદન પરિષદ (DAC) ની એક મહત્વપૂર્ણ બેઠક યોજાવા જઈ રહી છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં યોજાનારી આ બેઠકમાં કરોડો રૂપિયાના સંરક્ષણ સોદાઓને મંજૂરી મળવાની શક્યતા છે. રશિયા પાસેથી વધુ પાંચ જી-૪૦૦




(સુદર્શન) યુનિટ ખરીદવાના પ્રસ્તાવ પર મહોર લાગી શકે છે. ભારત અગાઉના ઓર્ડરના પાંચ યુનિટની ડિલિવરીની પણ રાહ જોઈ રહ્યું છે. સેના માટે ૮૦૦ કિમીની રેન્જ ધરાવતી બ્રહ્મોસ મિસાઈલો અને DRDO દ્વારા વિકસિત સ્વદેશી લાંબા અંતરની મિસાઈલ સિસ્ટમ 'પ્રોજેક્ટ કુશા'ને પ્રાથમિકતા આપવામાં આવશે. વાયુસેના માટે સ્વદેશી રિમોટલી પાયલોટેડ સ્ટ્રાઈક એરક્રાફ્ટ (ડ્રોન ફાઈટર)ના ચાર સ્ક્વોડ્રન ખરીદવા પર વિચારણા થશે. IAF માટે ૬૦ મધ્યમ પરિવહન વિમાનો અને ભારતીય સેના માટે ૩૦૦ સ્વદેશી ધનુષ હોવિત્ઝર તોપોની ખરીદીને પણ મંજૂરી મળી શકે છે.

# પરિણીત પુરુષ પુખ્ત મહિલા સાથે લિવ-ઈન રિલેશનશિપમાં રહે તે ગુનો નથી: અલ્હાબાદ હાઈકોર્ટ

અલ્હાબાદ તા. ૨૭

અલ્હાબાદ હાઈકોર્ટે લિવ-ઈન રિલેશનશિપ અંગે સીમાચિહ્નરૂપ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, જો કોઈ પરિણીત પુરુષ પુખ્ત મહિલાની સંમતિથી તેની સાથે રહે છે, તો તેને ગુનો ગણી શકાય નહીં. ન્યાયાધીશ જે.જે. મુનીર અને ન્યાયાધીશ તરુણ સક્સેનાની બેન્ચે જણાવ્યું કે નૈતિકતા અને કાયદો અલગ



બાબતો છે; સામાજિક ધોરણોના આધારે કાયદેસરની પ્રક્રિયા રોકી શકાય નહીં. શાહજહાંપુરના એક દંપતી વિરુધ્ધ નોંધાયેલી FIR રદ કરવાની અરજી પર સુનાવણી કરતા કોર્ટે તેમની ધરપકડ પર રોક લગાવી છે. હાઈકોર્ટે પોલીસ અધિક્ષકને દંપતીને સુરક્ષા આપવા આદેશ આપ્યો છે અને મહિલાના પરિવારને કોઈ પણ પ્રકારની દખલગીરી ન કરવા ચેતવણી આપી છે.કોર્ટે નોંધ્યું કે બંને અરજદારો પુખ્ત છે અને સ્વેચ્છાએ સાથે રહે છે.

# લદ્દાખમાં ૩.૯ની તીવ્રતાનો ભૂકંપ નેપાળ સુધી અસર જોવા મળી

નવી દિલ્હી તા. ૨૭



શુક્રવારે સવારે લદ્દાખના લેહ વિસ્તારમાં રિક્ટર સ્કેલ પર ૩.૯ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હતો.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, આ આંચકા સવારે ૦૮:૩૧ વાગ્યે અનુભવાયા હતા. આ અગાઉ નેપાળના સુદુરપશ્ચિમ પ્રાંતમાં પણ છેલ્લા કેટલાક દિવસોમાં ૪.૦ અને ૪.૧ની તીવ્રતાના સતત આંચકા અનુભવાયા છે, જેના કારણે સરહદી જિલ્લાઓમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

# મહારાષ્ટ્ર વિધાનસભાની સુરક્ષામાં મોટી ખામી, નકલી એન્ટ્રી પાસ બનાવવા બદલ પાંચની ધરપકડ

મુંબઈ તા. ૨૭

મહારાષ્ટ્ર વિધાનસભા સત્ર દરમિયાન સુરક્ષા વ્યવસ્થામાં ગંભીર ખામી સર્જાઈ હોવાનું સામે આવ્યું છે. મુંબઈની મરીન ડ્રાઈવ પોલીસે વિધાનસભા પરિસરમાં પ્રવેશવા માટે નકલી એન્ટ્રી પાસ બનાવનારા પાંચ શખ્સોની ધરપકડ કરી છે. આ આરોપીઓમાં મંત્રાલયના કેટલાક કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે, જે સુરક્ષા



એજન્સીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે. રાજ્ય સરકારના મંત્રી ઉદય સામંતે આ મુદ્દો ઉઠાવ્યા બાદ પોલીસે તપાસ તેજ કરી હતી. ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ કેશવ ગુંજલ, ગણપત જવાલે, નાગેશ પાટિલ, મનોજ મોરબલે અને સ્વપ્રિલ તાયડે તરીકે થઈ છે.૨૩ ફેબ્રુઆરીથી ૨૫ માર્ચ સુધી ચાલેલા બજેટ સત્ર દરમિયાન આ નકલી પાસનું નેટવર્ક કાર્યરત હતું. આ સત્રમાં 'ધર્મ સ્વતંત્રતા બિલ-૨૦૨૬' જેવા મહત્વના બિલો પસાર કરવામાં આવ્યા હતા.

# બાલેન શાહે નેપાળના સૌથી યુવા વડાપ્રધાન તરીકે લીધા શપથ : પીએમ મોદીએ અભિનંદન પાઠવ્યા

કાઠમંડુ તા. ૨૭

નેપાળના રાજકારણમાં એક નવા યુગની શરૂઆત થઈ છે. ૩૫ વર્ષીય બાલેન શાહે નેપાળના નવા વડાપ્રધાન તરીકે શપથ ગ્રહણ કર્યા છે, જેની સાથે તેઓ આ હિમાલયી દેશના ઈતિહાસમાં સૌથી યુવા વડાપ્રધાન બન્યા છે.

રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલે બંધારણની કલમ ૭૬ (૧) હેઠળ રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી (RSP) ના નેતા બાલેનની નિમણૂક કરી છે.



પ્રતિનિધિ ગૃહની ૨૭૫ બેઠકોમાંથી બાલેનની પાર્ટીએ ૧૮૨ બેઠકો પર જંગી વિજય મેળવ્યો છે. કાઠમંડુના પૂર્વ મેયર બાલેને ઝાપા-૫ બેઠક પર પૂર્વ વડાપ્રધાન કે.પી. શર્મા ઓલીને પરાજય આપ્યો છે. ૨૭ એપ્રિલ ૧૯૯૦ના રોજ જન્મેલા બાલેન વ્યવસાએ સિવિલ એન્જિનિયર અને જાણીતા રેપર છે. ૨૦૨૨માં સ્વતંત્ર ઉમેદવાર તરીકે કાઠમંડુના મેયર બનીને તેમણે સક્રિય રાજકારણમાં પ્રવેશ કર્યો હતો.

બાલેન શાહ મધેસી પ્રદેશમાંથી આવતા પ્રથમ વડાપ્રધાન પણ છે. તેઓ ટૂંક સમયમાં ૧૫ થી ૧૮ સભ્યોનું નાનું મંત્રીમંડળ રચે તેવી શક્યતા છે. બાલેન શાહ નેપાળના પ્રધાનમંત્રી બનતા ભારતના પ્રધાનમંત્રી મોદીએ બાલેન શાહને અભિનંદન પાઠવ્યા હતા.

# ટ્રમ્પે પીએમ મોદીના કર્યા વખાણ : 'અમે બંને પરિણામ આપનારા નેતા છીએ'

વોશિંગ્ટન તા. ૨૭

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરતા તેમને 'પરિણામ આપનારા' મજબૂત નેતા ગણાવ્યા છે. ટ્રમ્પે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારત અને અમેરિકાના સંબંધો આગામી સમયમાં વધુ ગાઢ બનશે. બંને નેતાઓ વચ્ચે તાજેતરમાં મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ અને વૈશ્વિક ઉર્જા પુરવઠા પર



તેની અસરો અંગે વિગતવાર ટેલિફોનિક ચર્ચા થઈ હતી. બંને નેતાઓએ ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટને સુરક્ષિત અને અવરોધરહિત રાખવા પર ભાર મૂક્યો હતો. પીએમ મોદીએ પણ સોશિયલ મીડિયા દ્વારા આ માર્ગને વૈશ્વિક વેપાર માટે ખુલ્લો રાખવા પર ભાર મૂક્યો છે. ટ્રમ્પે ઈરાનના ઉર્જા માળખા પરના હુમલાઓ પરનો પ્રતિબંધ વધુ ૧૦ દિવસ એટલે કે ૬ એપ્રિલ, ૨૦૨૬ સુધી લંબાવવાની જાહેરાત કરી છે. અમેરિકી એમ્બેસેડર સર્જિયો ગોરે જણાવ્યું કે બંને દેશો પ્રદેશમાં સ્થિરતા લાવવા માટે સતત સંપર્કમાં રહીને કામ કરવા માટે પ્રતિબદ્ધ છે. ટ્રમ્પના મતે ભારત અને અમેરિકા વચ્ચેનું સંકલન વૈશ્વિક અર્થતંત્રને સ્થિર રાખવા માટે અત્યંત મહત્વનું છે.

# કિસાન સંઘે રાજ્ય સરકારને 'માયકાંગલી' ગણાવી આપી આંદોલનની ચીમકી આપી

અમદાવાદ, તા.૨૭



ગુજરાતમાં ખેડૂતોના પડતર પ્રશ્નોને લઈને ફરી એકવાર આંદોલનના ભણકારા વાગી રહ્યા છે. ભારતીય કિસાન સંઘે રાજ્ય સરકાર વિરૂધ્ધ મોરચો ખોલતા સરકારને 'માયકાંગલી' અને ઉદ્યોગપતિઓની તરફેણ કરનારી ગણાવી છે. વાવ-થરાદ કિસાન સંઘે આરોપ લગાવ્યો છે કે જાન્યુઆરીમાં આપેલી ખાતરી મુજબ ૧૪ મુદ્દાઓ પર હજુ સુધી કોઈ જ અમલવારી કરવામાં આવી નથી. સરકાર દ્વારા અઠવાડિયામાં નોટિફિકેશન બહાર પાડવાનું વચન અપાયું હતું, પરંતુ અઢી મહિના વીતી જવા છતાં પરિસ્થિતિ જસની તસ છે. આ અન્યાયના વિરોધમાં કિસાન સંઘે ૩૧ માર્ચના રોજ બનાસકાંઠામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમમાં વિરોધ પ્રદર્શન કરવાની ગંભીર ચીમકી આપી છે. જો વડાપ્રધાનને રૂબરૂ મળીને રજૂઆત કરવાની મંજૂરી નહીં મળે, તો ખેડૂતો કાળા વાવટા ફરકાવી વિરોધ નોંધાવશે. ખેડૂતોના આ આક્રમક તેવરને જોતા રાજ્ય સરકાર દબાણમાં આવી છે. ખેડૂતોએ ચેતવણી આપી છે કે જો પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે, તો આગામી ચૂંટણીઓમાં તેનું માઠું પરિણામ ભોગવવું પડશે.

# રાજ્ય સરકારની જાહેરાત : જમીનના વારસાઈ વ્યવહારોમાં હવે માત્ર રૂ.૩૦૦ની ટોકન સ્ટેમ્પ ડ્યુટીમાં થશે કામ

ગાંધીનગર, તા.૨૭



ગુજરાત સરકારે ખેડૂતો અને સામાન્ય જનતાના હિતમાં એક ક્રાંતિકારી નિર્ણય લેતા જમીનના વારસાઈ વ્યવહારોમાં જંત્રી આધારિત સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કિસાન સંઘ અને વિવિધ સંગઠનોની રજૂઆતોને પગલે સીધી કે આડી લીટીના વારસદારો વચ્ચે થતા આંતરિક વ્યવહારો પર માત્ર રૂ.૩૦૦ની ટોકન સ્ટેમ્પ ડ્યુટી લાગુ કરવાનો આદેશ આપ્યો છે. અગાઉ જંત્રીના ઊંચા દરને કારણે ખેડૂતો મિલકતની વહેંચણી કે હક્ક જતો કરવાના દસ્તાવેજો કરાવવાનું ટાળતા હતા, જેનાથી કૌટુંબિક વિવાદો વધતા હતા. નવા નિર્ણય મુજબ, હયાતીમાં નામ દાખલ કરવા, હક્ક કમી કરવા કે સંયુક્ત ખાતેદારો વચ્ચે જમીનની વહેંચણી કરવાના દરેક તબક્કાના લેખ પર હવે હજારો રૂપિયાને બદલે માત્ર રૂ.૩૦૦ સ્ટેમ્પ ડ્યુટી ભરવાની રહેશે. આ પ્રક્રિયાથી જમીનના માલિકી હક્કો સ્પષ્ટ થશે, કોર્ટ કેસોમાં ઘટાડો આવશે અને 'રેકોર્ડ ઓફ રાઈટ્સ' વધુ પારદર્શક બનશે. જમીન વિષયક ધિરાણ મેળવવું પણ હવે ખેડૂતો માટે સરળ બનશે.

# સુરેન્દ્રનગરમાં પુત્રવધૂએ પ્રેમી સાથે મળી સસરાની હત્યા કરતા ખળભળાટ

સુરેન્દ્રનગર, તા.૨૮

સુરેન્દ્રનગરના વઢવાણ તાલુકાના ફુલગ્રામમાં લગ્નેતર સંબંધોનો કરૂણ અંજામ આવ્યો છે. સસરા રમેશભાઈએ પોતાની પુત્રવધૂ ચકુબેનને ગામના જ સોહિલ નામના યુવાન સાથેના પ્રેમસંબંધ બાબતે ઠપકો આપતા, ઉશ્કેરાયેલી પુત્રવધૂએ પ્રેમી અને તેના ભાઈ સાથે મળીને સસરા પર લાકડા અને પાઈપ વડે જીવલેણ હુમલો કર્યો હતો. ધોળા દિવસે થયેલા આ હુમલામાં રમેશભાઈનું ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું. આ ચકચારી ઘટનાની જાણ થતા જ જોરાવરનગર પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી પુત્રવધૂ ચકુ, તેનો પ્રેમી સોહિલ અને સુરેશ નામના શખ્સની ધરપકડ કરી છે. અગાઉ બે વાર લગ્ન કરી ચૂકેલી ચકુબેન છેલ્લા બે વર્ષથી સોહિલ સાથે સંબંધમાં હતી, જેની જાણ પરિવારને થતા અવારનવાર ઝઘડા થતા હતા. આડખીલીરૂપ બનતા સસરાનો કાંટો કાઢી નાખવા આ જઘન્ય અપરાધ આચરવામાં આવ્યો છે, જેને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

# ફોન આવતા જ દિકરી અન્ય રૂમમાં ચાલી જાય તો વાલીઓએ સતર્ક રહેવુ : આનંદીબેન પટેલની ટકોર

અમદાવાદ, તા.૨૭



હરિદ્વારમાં આયોજિત ભાગવત કથા દરમિયાન ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે સામાજિક મૂલ્યો અને વર્તમાન રાજનીતિ અંગે મહત્વના સૂચનો કર્યા હતા. તેમણે વાલીઓને સંબોધતા જણાવ્યું કે દીકરીઓ પર શંકા કરવાને બદલે સાવચેતી રાખવી અનિવાર્ય છે. ખાસ કરીને જો દીકરીના વર્તનમાં અચાનક ફેરફાર જણાય, જેમ કે ફોન આવતા જ એકાંતમાં જઈને વાત કરવી, તો વાલીઓએ સતર્ક થઈ જવું જોઈએ. તેમણે સ્પષ્ટ કર્યું કે મિત્રો હોવા સ્વાભાવિક છે, પરંતુ મિત્રતાની સીમા પાર ન થાય અને દીકરીઓ કોઈ ખોટું પગલું ન ભરે તેની જવાબદારી પરિવારની છે. સાથે જ તેમણે રાજકારણમાં વધતા નાણાંના પ્રભાવ પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે પોતાના સમયના ૧૫-૨૫ લાખના ચૂંટણી ખર્ચની સરખામણી આજે ઉત્તર પ્રદેશમાં થતા ૩૦-૩૫ કરોડના જંગી ખર્ચ સાથે કરી હતી. તેમણે ઉમેર્યું કે ગુજરાતમાં ભાજપની સફળતા પાછળ કાર્યકર્તાઓ સાથેનો આત્મીય સંબંધ અને તેમના પ્રત્યેનો વિશ્વાસ રહેલો છે, જે માત્ર નાણાંથી મેળવી શકાતો નથી.


# આજે મુખ્યમંત્રી રાજકોટમાં વિકાસલક્ષી પ્રકલ્પોની ભેટ આપશે

રાજકોટ,તા.૨૭

આજે ૨૮ માર્ચના રોજ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજકોટની મહત્વપૂર્ણ મુલાકાતે આવી રહ્યા છે. સ્થાનિક સ્વરાજની આગામી ચૂંટણીઓ પૂર્વે શહેરને રૂ.૬૩૨.૧૩ કરોડના ૪૪ જેટલા વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોની ભેટ મળશે. આ કાર્યક્રમમાં સૌથી મહત્વનું આકર્ષણ જંગલેશ્વર વિસ્તારનો નવો માર્ગ છે, જ્યાં તાજેતરમાં ૧૫૦૦ જેટલા ગેરકાયદે દબાણો દૂર કરી ૧.૨૫ કિલોમીટરનો રસ્તો ખુલ્લો કરાયો હતો. આ રસ્તાના નિર્માણનું ખાતમુહૂર્ત મુખ્યમંત્રી કરશે તેમજ ત્યાં પસાર થતા વોંકળા પર સ્લેબ કલ્વર્ટ બનાવવાની કામગીરી પણ વેગ પકડશે. આ ઉપરાંત, શહેરને નવી આર.ટી.ઓ. કચેરી અને આધુનિક ટુ-વ્હીલર તથા ફોર-વ્હીલર ટેસ્ટિંગ ટ્રેકનું પણ લોકાર્પણ કરવામાં આવશે, જે નાગરિકોની સુવિધામાં મોટો વધારો કરશે.

# સરકારી કર્મચારીઓ અને પેન્શનરોના હિત માટે હાઈકોર્ટના ચુકાદાનું ૪૫ દિવસમાં અમલીકરણ કરવુ અનિવાર્ય


અમદાવાદ, તા.૨૭



ગુજરાત સરકારના નાણાં વિભાગે કર્મચારીઓ અને પેન્શનરોના હિતમાં એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. હવેથી હાઈકોર્ટના કોઈપણ ચુકાદાનું અમલીકરણ માત્ર ૪૫ દિવસની અંદર કરવું અનિવાર્ય રહેશે. આ નવા પરિપત્ર મુજબ, નિવૃત્ત કર્મચારીઓએ પોતાના હક અને પેન્શનના એરિયર્સ માટે હવે સરકારી કચેરીઓના ધક્કા નહીં ખાવા પડે. વહીવટી પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે સરકારે કડક સમયમર્યાદા નક્કી કરી છે, જેમાં સંબંધિત વિભાગે ૧૨ દિવસમાં અભિપ્રાય આપવો પડશે અને નાણાં વિભાગને દરખાસ્ત માટે માત્ર ૮ દિવસ મળશે. જો કોઈ અનિવાર્ય સંજોગોમાં વિલંબ થાય, તો વિભાગે કોર્ટમાં સમયવધારાની અરજી કરવી પડશે. આ નિર્ણયથી 'કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ'ની સ્થિતિ ઘટશે અને વર્ષોથી અટવાયેલા મેડિકલ બિલ કે પેન્શનના કેસોનો ઝડપી નિકાલ આવશે. આ વ્યવસ્થાથી વહીવટમાં પારદર્શિતા વધશે અને વરિષ્ઠ નાગરિકોને સમયસર ન્યાય મળી શકશે.

# સ્ટેટ ઓફ હોર્મુસ પાર કરીને 'જગ વસંત' એલપીજી જહાજ કંડલા બંદરે પહોંચ્યુ

અમદાવાદ, તા.૨૭



મધ્ય-પૂર્વમાં વધતા સૈન્ય તણાવ અને દરિયાઈ માર્ગો પરના જોખમો વચ્ચે ભારત માટે મોટા રાહતના સમાચાર આવ્યા છે. 'જગ વસંત' નામનું વિશાળ એલપીજી કાર્ગો જહાજ આશરે ૪૨,૦૦૦ થી ૪૬,૦૦૦ મેટ્રિક ટન ગેસનો જથ્થો લઈને ગુજરાતના કંડલા બંદરે સુરક્ષિત રીતે પહોંચી ગયું છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ જેવા સંવેદનશીલ માર્ગો પર વૈશ્વિક અસ્થિરતા હોવા છતાં, આ જહાજનું આગમન ભારતની ઊર્જા સુરક્ષા માટે વ્યૂહાત્મક સિદ્ધિ સમાન છે. જહાજ લંગરતાની સાથે જ એલપીજી ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે, જેથી બોટલિંગ પ્લાન્ટ્સ સુધી ગેસ વહેલી તકે પહોંચાડી શકાય. છેલ્લા કેટલાક સમયથી ઈંધણની અછત અંગે ફેલાઈ રહેલી અફવાઓ વચ્ચે આ સમાચાર બજારમાં સ્થિરતા લાવશે. સરકારની આ સફળતા દર્શાવે છે કે ગમે તેવા વૈશ્વિક સંકટમાં પણ ભારત પોતાની સપ્લાય ચેઈન જાળવી રાખવા સક્ષમ છે.

# ટિકિટ ફાળવણીમાં 'મારો એ સારો નહીં, પણ સારો એ મારો'નો મંત્ર ચાલશે : નીતિન પટેલ

કડી, તા.૨૭



કડી ખાતે આયોજિત સન્માન સમારોહમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ અંગે મહત્વનું નિવેદન આપ્યું હતું. પ્રદેશ ચૂંટણી સમિતિમાં સ્થાન મળ્યા બાદ તેમણે સ્પષ્ટ કર્યું કે આ વખતે ટિકિટ ફાળવણીમાં કોઈની ભલામણ કે અંગત સંબંધોને બદલે ઉમેદવારની લાયકાત અને જનતામાં તેની છબીને પ્રાધાન્ય આપવામાં આવશે. તેમણે 'મારો એ સારો નહીં, પણ સારો એ મારો'નો મંત્ર આપી કાર્યકરોને સંકેત આપ્યો કે માત્ર પક્ષ પ્રત્યે સમર્પિત અને ક્લીન ઈમેજ ધરાવતા દાવેદારોને જ મેદાનમાં ઉતારવામાં આવશે. આગામી ૪૫ દિવસમાં ૧૦ હજારથી વધુ ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.

# રેન્જ આઈજી નિર્લિપ્ત રાયની મુલાકાત બાદ જામનગરના બચુનગરમાં મેગા ડિમોલિશન



જામનગર, તા.૨૭

જામનગરમાં રેન્જ આઈજી નિર્લિપ્ત રાયની મુલાકાત બાદ તંત્ર હરકતમાં આવ્યું છે. આજે વહેલી સવારે જામનગર મહાનગરપાલિકા દ્વારા બચુનગર વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કમિશનર ડી.એન. મોદીના આદેશથી એસ્ટેટ શાખાએ જેસીબી અને હીટાચી મશીનોની મદદથી અંદાજે ૧૨,૦૦૦ ચોરસ મીટર સરકારી જમીન દબાણમુક્ત કરાવી છે. આ ઓપરેશન દરમિયાન ગેરકાયદેસર રીતે નિર્મિત બે માળના જમાતખાના સહિતના અન્ય બાંધકામો તોડી પાડવામાં આવ્યા હતા. અંદાજે ૨ કરોડની બજાર કિંમત ધરાવતી આ જમીન પરથી દબાણો હટાવતી વખતે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સિટી એ-ડિવિઝન પોલીસનો કાફલો ખડેપગે રહ્યો હતો. નિર્લિપ્ત રાયની કડક છાપ અને આક્રમક પેટ્રોલિંગ બાદ તંત્ર દ્વારા કરવામાં આવેલી આ કાર્યવાહીથી ભૂમાફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. આગામી દિવસોમાં અન્ય વિસ્તારોમાં પણ બુલડોઝર ફરે તેવી શક્યતા છે.

# રાજયના મહેસુલ વિભાગના કર્મચારીઓની બઢતી સાથે બદલી

ગાંધીનગર,તા.૨૭

રાજ્ય સરકારે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્વે વહીવટી તંત્રને સુદ્રઢ અને વધુ ગતિશીલ બનાવવાના હેતુથી મોટા પાયે આંતરિક ફેરફારો કર્યા છે. આ મહત્વપૂર્ણ નિર્ણય હેઠળ ૨૧ જેટલા અનુભવી IAS અધિકારીઓને વિવિધ જિલ્લાઓના પ્રભારી સચિવ તરીકેની નવી અને મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે. નિવૃત્તિ અને બઢતીને કારણે ખાલી પડેલી જગ્યાઓ ભરવા સાથે જિલ્લા કક્ષાના વહીવટને સીધો વેગ આપવા માટે આ નિમણૂકો અત્યંત સૂચક માનવામાં આવે છે.વહીવટી કાર્યક્ષમતામાં વધારો કરવા માટે મહેસૂલ વિભાગના ગેસ કેડરના ૩૧ વર્ગ-૧ અધિકારીઓની સામૂહિક બદલીના આદેશો જારી કરવામાં આવ્યા છે. તેની સાથે જ પાયાના સ્તરે વહીવટને મજબૂત કરવા ૧૨ મામલતદારોની બદલી અને ૩૨ નાયબ મામલતદારોને બઢતી આપીને મામલતદાર બનાવવામાં આવ્યા છે. બીજી તરફ આધુનિક યુગમાં ટેકનોલોજીના ઉપયોગને પ્રાધાન્ય આપતા સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગમાં પણ 41 IT અધિકારીઓની બદલી કરવામાં આવી છે જેમાં પાંચ નાયબ નિયામકોને બઢતીનો લાભ મળ્યો છે. આ તમામ ફેરફારો રાજ્યના શાસનને વધુ પારદર્શક અને અસરકારક બનાવશે.





